# પંખ®

અંક ૪૩ | ઓગસ્ટ ૨૦૨૦



પંચતત્ત્વનો દેહ ને એનું એક તત્વ છે માટી,
દુંદાળા તારી મૂર્તિમાં એ જ તત્વ કાં બાકી?
- મકરંદ મુસળે

# આ અંકમાં


સંપાદકની કલમે

વાત જાણે એમ કે...

Tech-Talk

વાર્તા-સેતુ

Knowtamin

ખુલ્લા-દ્વાર

શબ્દ-સંપુટ

વાર્તાનું આકાશ

જસ્ટ બે મિનિટ

તમને મળ્યાનું યાદ

મને મારો જ પ્રશ્ન

Connecting... કવિતા

# વાચકોના પ્રતિભાવો

I keep looking for Gujarati Magazines - Pankh, Chitralekha & Abhiyaan for my Parents..
Luckily today I got the July & August edition of Pankh from one the Digital Magazine Group Link..
Thanks.. 11:22

You
Special અંક ઓગસ્ટ ૨૦૨૦.pdf (26 pages)
ખૂબ જ સરસ 2:01 pm
અઢળક શુભેચ્છાઓ 2:01 pm

લેખ માં ખૂબ જ સારી રજૂઆતો કરી છે. 13:23

સંસ્કૃત ના લેખો બનાવો એ પણ ઉપનિષદો ના 14:06

પંખ નો સ્પેશિયલ અંક સરસ બનાવ્યો છે... 12:38

વાહ 2:29 pm
વાહ! ખરેખર થોડા માં ઘણું વાંચવાની ખૂબ મજા આવી. 2:32 pm
થેંક્યુ વેરી મચ ...... 2:33 pm

અંક પ્રસંશા લાયક છે 12:56

Special ank August no saro se
Tuko and touch 11:43

છેલ્લો અંક વાંચયો બહુ મજા આવી. 14:38

You
Special અંક ઓગસ્ટ ૨૦૨૦.pdf (26 pages)
Aa saru kam thayu chhe.... 12:10 pm

Krushna ane Bharat vishe no aa special ank vanchvani khub maja aavi!!! Great work by Pankh team!

તમે સૌએ સરસ પુરુષાર્થ કર્યો છે. અભિનંદન. 3:32 pm

I already read it 2:01 pm
Bavv mast collections karyu chhe 2:02 pm

You
Special અંક ઓગસ્ટ ૨૦૨૦.pdf (26 pages)
Very good compilation congratulations 7:57 pm

એક વોટ્સએપ ગ્રુપ માં મળેલો,

પંખ નો ઓગસ્ટ નો સ્પેશીયલ અંક વાંચ્યો...
ખૂબ જ સરસ છે..
10:10

You
કૃષ્ણ-જન્મોત્સવ અને સ્વાતંત્ર્ય-દિવસ પર એક 'ટૂંકો અને ટચ' અંક બનાવ્યો છે. તો થોડો સમય કાઢીને આ અંક વાંચજો જરૂર. વાંચીને પછી પ્રતિભાવો પણ આપજો....
Wow! It is a collectible.

Thank you for sharing. 10:05 pm

You
https://pankhmagazine.com/issue-42-july-20/
I read that full ank.નામ ને સાર્થક કરતો અંક.keep sharing
20:04

You
Special અંક ઓગસ્ટ ૨૦૨૦.pdf (26 pages)
I like the presentention of this ank. દરેક વિચાર વિચારતા કરે એવો
4:53 pm

# સંપાદકની કલમે



યાજ્ઞિક વઘાસિયા

'પંખ'નાં આંગણે આપનું સ્વાગત છે. કાલે આપણે આપણો 'સ્વાતંત્ર્ય દિવસ' ઉજવ્યો. જેની તમે ને મેં ફોરવર્ડ મેસેજના ખડકલાંથી અને અલગ-અલગ સોશિયલ મીડિયામાં પોસ્ટ અને સ્ટોરી-સ્ટેટસ દ્વારા ઉજવણી કરી જ લીધી છે! છતાં તમે ખુદને એક પ્રશ્ન જરૂર પૂછજો, "દેશ તો આઝાદ છે, પણ શું આપણે ખરેખર આઝાદ છીએ ખરાં?" શાંતિથી વિચારશો તો સમજાશે કે આપણે બધા જ ક્યાંકને ક્યાંક કશાકમાં બંધાયેલા છીએ.

ભારત દેશ તહેવારોનો દેશ છે અને એમાંય શ્રાવણ-ઓગસ્ટ મહિનો એટલે તહેવારોનો રાફડો. હા, કોરોના વાયરસને લીધે આ તહેવારોની મજા લેવા માટે થોડી મર્યાદા જરૂર છે, પણ એ છતાં ઘરમાં બેસીને, નિયંત્રણમાં રહીને પણ પરિવાર સાથે ખુશીઓ મનાવી જ શકાય છે, એ નવી વાત આપણને આ સમયમાં જાણવા મળી. શ્રી ધ્રુવ ભટ્ટના લોકડાઉન વખતે બહુ વાયરલ થયેલા ગીતની પંક્તિ 'એકલો ઉભું ને તોય મેળામાં હોઉં એવું લાગ્યા કરે છે. અવતરી હશે! દર વર્ષની જેમ આ વખતે 'ગણેશ-ચતુર્થી'ની ઉજવણી જોશભેર તો નહિ થઈ શકે, પણ છતાં કવરપેજમાં જે વિસર્જિત ગણેશજી દેખા દેય છે, એનો મર્મ આ જ અંકમાં શ્રી મકરંદ મુસળે દ્વારા રચિત ગીતમાં મળી જશે.

ગયા મહિને બનાવેલ 'અંતરયુદ્ધ' વિશેષાંક માટે ઘણા વાચકમિત્રો તરફથી સારો પ્રતિસાદ મળ્યો. એ પછી 'જન્માષ્ટમી'એ કૃષ્ણ અને સ્વાતંત્ર્ય-દિવસ પર એક 'ટૂંકો અને ટચ' સ્પેશિયલ-અંક બનાવ્યો તો, એનો પણ ઘણો સારો પ્રતિસાદ મળ્યો. આમ જોવા જાવ તો, આવા પ્રતિભાવો અને પ્રતિસાદો જ અમને આ કામ કરવા માટે બળ પૂરું પાડે છે, અને અમારી ભૂલો સુધારવા માટે એક અવકાશ પૂરો પાડે છે. એટલે આ રીતે તમને જેવું લાગે, એવું નિખાલસભાવે અમને જણાવતા રહેજો. જો તમે 'પંખ'ના અગાઉ લોન્ચ થયેલા અંક ના વાંચ્યા હોય તો અમારી વેબસાઈટ પર વાંચી શકશો.

# વાત જાણે એમ કે...



પાર્મી દેસાઈ

## સંસાર

રોજની માફક રેડિયો પર ગીતો મૂકીને નિષ્ઠા આજે એકદમ ચોકસાઈથી ઘર સરખું કરી રહી હતી. આજે તે ખુશ થઈને ખુદ સાથે જ વાત કરતી હતી;

“આજે માહી આવવાની છે, એને જરાય આઘુ-પાછું નહીં ગમે. એય એના પપ્પા જેવી જ!” હજુ એ મનમાં આગળ બોલે એ પહેલાં એના પગ સ્થિર થઈ ગયા. રેડિયો પર એનું ગમતું અને મહદ્અંશે એને લગતું ગીત વાગ્યું.

‘બડી વફા સે નિભાઈ તુમને હમારી થોડી સી બેવફાઈ...’

એકાદ ક્ષણમાં તે જાતને સ્વસ્થ કરી વળી પાછી કામે લાગી. ફ્રી થઈને હાથમાં કોફીનો કપ લઈ તે માહીની રાહ જોવા લાગી. ફરી એક વખત મનોમંથન ચાલ્યું.

“માહી... મારી દીકરી... આજે છેલ્લી વાર આ ઘરમાં આવી રહી છે. આવતા મહિને તો પરણી પણ જશે. લગ્ન પહેલાં થોડાક દિવસ મારી સાથે રહેવું છે એવો એણે ફોન કર્યો એ જ મારા માટે મોટી વાત છે.”

નિષ્ઠા કોફીના ઘૂંટ ગળે ઉતારવા જોડે પોતાની જાતને પણ વિતેલા દિવસોમાં ઉતારતી ગઈ.

“હજુ પહેલી જ સિરિયલમાં રોલ મળ્યો હતો અને હું વિહારના પ્રેમમાં પડી હતી. વિહાર સમજદાર હતો. એણે મને સમજાવી પણ હતી;

“જો નિષ્ઠા, તું તારા કરિયરની શરૂઆત પર છે. મારું ઘર સાધારણ છે, તારા ઘર જેટલું મોર્ડન નથી. કદાચ મારી સાથે રહીને તું તારા પ્રોફેશનને ન્યાય નહીં આપી શકે. એના કરતાં આપણે અત્યારે જ છૂટા પડીએ.”

આવું જ કહ્યું હતું ને વિહારે! પણ હું જ ના માની. વિહારના પ્રેમમાં એટલી પાગલ હતી કે એની પાછળ હું કંઈ પણ બલિદાન આપવા તૈયાર હતી, અને મારા મમ્મી-પપ્પાની 'ના' હોવા છતાં એની સાથે જ પરણી.

જોકે લગ્ન પછી મારા કરિયરનો ગ્રાફ પણ સતત ઉંચો જવા લાગ્યો હતો,

અને વિહાર દરેક પળે મારી પડખે જ રહેતો.

હંમેશની માફક પીવાતી કોફીનો કડવો ઘૂંટ ગળા નીચે ઉતરતો ગયો અને મનોમંથન તીવ્ર બનતું ગયું.

“ટેલિવિઝન જગતમાં હું ખૂબ આગળ વધી રહી હતી, અને એ જ વખતે 'મા' બનવાની ખબરે મને હચમચાવી મૂકી હતી. બાળકને પડાવી દેવાના મારા ધમપછાડા સામે વિહાર એકનો બે ન થયો. એય જિદ્દી તો હતો જ ને! છેવટે છેલ્લા ચાર મહિના માટે મારે ઘરે બેસી રહેવું પડ્યું. માહીના જન્મના ત્રીજા જ મહિને મે ફરીથી કામની શરૂઆત કરી દીધી. એ દીકરીને એના તમામ હકથી મેં વંચિત રાખી. હુંય કેવી કમાવતર!

પૈસા અને પ્રસિદ્ધિની ઘેલછાએ મારા માતૃત્વને ક્યાંય પાછળ ધરબી દીધું હતું. જો કે ત્યારે હું પહેલા જેવી પ્રેમાળ પત્ની પણ ક્યાં રહી હતી!

જ્યારે એક સિરીયલના મેઇન રોલ માટે સાઇન થવાની વાત થઈ, ત્યારે વિહારે મને ખૂબ સમજાવી.

“નિષ્ઠા, હવે ઘર અને માહીને તારી જરૂર છે. તું દરરોજ આમ સવારથી રાત ઘરની બહાર રહે તો એ છોકરીને કેમની...”

“એ તારે જોવાનું. હું તો ના જ પાડતી હતી એને લાવવાની. તારી જીદના લીધે જ લાવી. એ તો તું માન્યો નહીં, નહીંતર તો મેં ક્યારનીય એને..”

'સટ્ટાક' કરતો લાફો નિષ્ઠાના ગાલે વિહારે ચોડી દીધો.



અતિ-ગુસ્સો એ વિહારના સ્વભાવમાં જ નહોતો. પણ દીકરી તેને જીવથીય વ્હાલી હતી. એ દીકરી વિશે મારા આવા ખરબચડાં શબ્દો સાંભળી ન શક્યો. બસ પછી તો શું! એ જ ક્ષણે ફિલ્મોની જેમ જ હુંય બેગ ભરીને રડીને પિયર જવા નીકળી પડી, એ બંનેને છોડીને. મારો ગુસ્સો ચરમસીમાએ હતો. વિહારને પસ્તાવો થતાં માફી માટે ફોન આવ્યો. બે-ત્રણ વખત એ લેવા પણ આવ્યો, પણ હું કે મારા મમ્મી-પપ્પા કોઈ આ લગ્નજીવનમાં હવે ઇન્ટરેસ્ટેડ નહોતા. છેવટે અમે કાયદાકીય રીતે છુટા પડ્યા. વિહારે માહીને પોતાની સાથે રાખવા વિનંતી કરી હતી. અને મેંય જાણે 'ટાઢા પાણીએ ખસ ગઈ' એમ વિચારી મંજૂરી આપી દીધી.

જો કે ચમક-દમકની દુનિયાએ મને પાંચ વર્ષથી વધારે સંઘરી જ નહીં. હવે મને મારા કર્યા પર ખૂબ અફસોસ થયો. હવે દીકરીને મળવાની લાલચ થતી. વર્ષમાં બે-ત્રણ વખત એને મારી જોડે રહેવા બોલાવતી. જો કે વિહાર લાગણીને સમજતો હતો એટલે તેમાં વાંધો ના ઉઠાવતો. એણે ક્યારેય માહી સામે મને ખરાબ નથી ચિતરી!

સારું છે કે માહીને મારા ભૂતકાળના સ્વાર્થી સ્વભાવની ખબર નથી.. નહીં તો એ મને ધિક્કારી જ મૂકે!

હજુ છેલ્લો કડવો ઘૂંટ તે ઉતારે ત્યાં જ ડોરબેલ વાગ્યો.

“હેલ્લો બ્યુટીફુલ લેડી!”

દર વખતની જેમ આજેય એ મીઠડી માને બાઝી પડી.

“તું આખી તારા પપ્પા જેવી જ...”

“શું... આગળ બોલને..”

“કંઈ નહીં.. ચાલ.. તારા લગ્નની તૈયારી વિશે તો કહે મને!”

બેય મા-દીકરી ખુશ-ખુશાલ વાતો કરી રહ્યા.

રાત્રે ટેબલ પર જમતી વખતે માહી બોલી;



“મમ્મી.. મારે એક વાત કરવાની છે. તને કદાચ દુઃખ થશે, પણ પપ્પાએ કહ્યું હતું કે તને જણાવી દઉં.”

“શું બેટા, બોલ ને.”

“પપ્પાએ ફરીથી લગ્ન કરવા વિચાર કર્યો છે. જો કે એ જીદ પણ મેં જ કરી હતી. મારા ગયા પછી તો એ સાવ એકલા થઈ જાય. તું સમજે છે ને..?”

નિષ્ઠાના મન-મગજ પર વાવાઝોડું ફરી વળ્યું. પણ હવે રોકે પણ એ કયા હકથી! એક નાનકડી સ્માઇલ અને આગળ જાણવાની તેની આતુરતા જોઈ માહીએ ઉમેર્યું; “મારી ઈચ્છા છે કે કાકા-કાકીને બદલે મારું કન્યાદાન પપ્પા અને મારી નવી મમ્મી કરે. તારા ઘરે હું આ છેલ્લી વાર જ છું મમ્મી. પછી તો મારે મારું સાસરું ય જોવાનું અને પીયરમાં ય મમ્મી-પપ્પા બન્ને હોય એટલે..."

નિષ્ઠાની આંખે ચોધાર આંસુ નીકળી પડ્યા.

“ક્યારે છે?” રૂંધાયેલા અવાજે એણે પૂછ્યું.

“મારા લગ્નના આગલા જ દિવસે. એ જ હોલમાં.”

માહીએ ઉત્તર આપ્યો.

લગભગ એક અઠવાડિયું તેઓ જોડે રહ્યા.

જતી વખતે માહીને ભેટીને નિષ્ઠા ખૂબ રડી. જાણે તે પોતાના ભૂતકાળના તમામ કર્મોની દીકરી પાસે મનોમન માફી માંગી રહી હતી. એ છેક સુધી દીકરીને જતા જોઈ રહી.

* * *

એક તરફ માહીના લગ્નની તૈયારી અને બીજી તરફ વિહારના લગ્નની ધામધૂમ ચાલતી હતી. નિષ્ઠા આવી તો ખરી. પણ હૉલમાં ઉપસ્થિત લોકોની વેધક નજરોનો સામનો કરતી એક ખૂણામાં ખુરશી પણ બેસી રહી. વિહાર પણ લગ્ન મંડપમાં ગોઠવાયો.

“... તો તે મને માફ ના જ કરીને!”

નિષ્ઠા મનોમન વિહારને ઉદ્દેશી રહી.

“કન્યા પધરાવો સાવધાન..” પંડિતજીના વાક્યએ નિષ્ઠાની આંખો પહોળી થઈ ગઈ.

“જોઉં તો ખરી કોણ છે એ!”

તે ઉભી થઈ ત્યાં જ પાછળથી ખભા પર એક હાથ મૂકાયો.

“માહી! તું અહીં શું કરે છે? જા બેટા.. તારે પપ્પાની જોડે રહેવાનું હોય.”

“હા.. પણ તારા વિના ત્યાં કેમની જઉં મા? પપ્પાએ તો મને મોકલી છે તારી પાસે.. તને લેવા. ચાલ, પપ્પા તારી રાહ જુએ છે.”

માહી નિષ્ઠાનો હાથ પકડી તેને મંડપ સુધી લઈ ગઈ. વિહારે સજળ નેત્રે નિષ્ઠાને આવકાર આપ્યો.

અહમને ખંખેરી ફરી એક વખત બે હથેળીઓ હસ્તમેળાપને પામી. બધી જ ફરિયાદ એકમેકના આંસુઓમાં વહી ગઈ.

નવા સંસારની શરૂઆત થવા જઈ રહી હતી. મા અને દીકરી બંનેના.





# 'આત્મનિર્ભર' સોશિયલ મીડિયા શક્ય છે?

વિપુલ હડિયા




વર્તમાન સમયમાં આપણા દેશમાં શક્ય એટલી વસ્તુઓનું ઘર-આંગણે જ ઉત્પાદન કરીને દેશ અને દેશવાસીઓને આત્મનિર્ભર બનાવવાની વાતો ચાલી રહી છે. જે સ્તર પર વાતો ચાલી રહી છે એ સ્તર પર એ લાગુ પાડવામાં આવે તો આ દેશની દશા અને દિશા બંને બદલાઈ શકે એમ છે અને એનો સીધો લાભ દેશ સાથે આપણને સૌને મળવાનો છે. પણ વાતો જેટલી સહેલી છે, એટલું સહેલું એનું અમલીકરણ નથી.

આત્મનિર્ભર થવા માટે સરકારે હાલ ટેલીવિઝનની આયાત પર મોટો કામ મૂક્યો છે અને જે આયાત થશે એમના પર પણ ઊંચા ટેક્સ લેવામાં આવશે એટલે વિદેશી ટેલીવિઝન દેશમાં ઓછા આવશે. પણ અહીં આખી વાતમાં દેશમાં બનતી ટીવીની ગુણવતા સુધારવાની કોઈ વાત થઈ નથી. તમને લાગે છે કે 'શાઓમી' બ્રાંડના ચાઈનીઝ ટેલીવિઝનની આયાત બંધ કરવાથી દેશમાં બનતા ટીવીની ગુણવત્તા આપોઆપ સુધરી જશે?

સ્વદેશી આંગણે પ્લાસ્ટિકની ડોલ બનાવવી કે પછી સિમેન્ટ બનાવવી અલગ વાત છે. અરે બીજા દેશ માટે આપણે ત્યાં સોફ્ટવેર બનાવવા એ પણ અલગ વાત છે, તકલીફ ત્યારે થાય છે જયારે આપણે પોતાના માટે પોતાના આંગણે સોફ્ટવેર બનાવીએ. 'નાસા' જેવી કંપનીઓ માટે આપણે ત્યાં બેંગ્લોરમાં ઘણા સોફ્ટવેર બનાવવામાં આવે છે અને 'ઈસરો' પણ આપણે ત્યાં જ બનેલા સોફ્ટવેર વાપરે છે. પણ બન્ને કેસમાં સોફ્ટવેરના વપરાશકર્તા 'વૈજ્ઞાનિકો' છે જેમને એ સોફ્ટવેરનો ઉપયોગ માત્ર વૈજ્ઞાનિક ગણતરીઓને ઓટોમેટીક અને ઝડપી કરવા માટે જ કરવાનો છે. અહીં સાધારણ અને નોન-ટેકનિકલ લોકો સાથે કામ કરવાનું નથી.

તો હવે સવાલ એ છે કે શું આપણે ત્યાં ફેસબુક, ટ્વિટર કે ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉભા કરી શકાય જે આખી દુનીયાના સાધારણ લોકો હોંશે-હોંશે વાપરે? આ સવાલ માટે મારો વ્યક્તિગત જવાબ કદાચ કશા કામનો નથી, પણ હું અહીં કેટલાક મુદ્દા પર ખુલાસા આપું છું. જોઈએ કે તમે એના પરથી શું નિષ્કર્ષ આપી શકો?




અમેરિકામાં ૨૦૧૭ની ચૂંટણીના પ્રચાર દરમિયાન ‘કેમ્બ્રિજ એનાલીટીકા’ નામની એડ કંપનીએ ફેસબુકના ૫૦ મીલીયન જેટલા યુઝરના અંગત ડેટાનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરેલ. આ કામ અનૈતિક જરૂર હતું, પરંતુ ગેરકાયદેસર બિલકુલ નહોતું. તમામ યુઝરના ડેટા એક એપ્લીકેશન દ્વારા મેળવવામાં આવેલા, જેના માટે એપ્લીકેશન યુઝરે હંમેશા મુજબ ઈંસ્ટોલેશન વખતે પરમીશન આપેલી. એમ છતાં દુનિયાના પહેલા પાંચ ધનિક લોકોમાં જેની ગણના થાય એવા



ફેસબુકના સી.ઈ.ઓ માર્ક ઝુકરબર્ગને અમેરિકન સેનેટમાં હાજર રહી અલગ-અલગ સેનેટર્સ દ્વારા પૂછાયેલા ટેકનિકલ જવાબોના લાંબા ખૂલાસા આપવા પડેલ અને અનૌપચારિક માફી પણ માંગવી પડેલ.

આ મુદાને ધ્યાનમાં રાખીને વાત કરીએ તો શું આપણે ત્યાં બીજા મંત્રીઓની વાત જવા દઈએ, પણ ખુદ ટેલીકોમ કે સૂચના અને પ્રસારણ મંત્રી પાસે પણ એટલું ટેકનિકલ જ્ઞાન હોય છે કે એ કોઈ ટેકનિકલ માણસને મૂંઝવી નાખતા સવાલ પૂછી શકે? અને એ પહેલા તો તમને લાગે છે કે આ દેશમાં એક અરબપતિને કોર્ટ કે સંસદમાં હાજર રહેવા ફરમાન આપી શકાય?

ટ્વિટર પાસે દુનિયાભરના તમામ નેતાઓ અને સેલીબ્રિટીઓના એકાઉન્ટ્સ છે. આટલું વિશ્વસનીય પ્લેટફોર્મ એડ દ્વારા કરોડો ડોલર કમાઈ શકે એમ છે, એમ છતાં ગયા વર્ષે જ ટ્વિટરે ખુદ જાહેરાત

કરી દીધી છે કે, "ટ્વીટ્ટર પર રાજકીય ચૂંટણીઓને લગતા કેમ્પેઇનની જાહેરાતો હવે પછી નહીં ચલાવવામાં આવે." અમેણે કરોડો ડોલર્સ કમાવા કરતા લોકોની ગોપનીયતાને પ્રાધાન્ય આપ્યું. કદાચ એટલે જ માત્ર ૨૮૦ કેરેક્ટર લખવા જેટલી જ જગ્યા હોવા છતાં ટ્વીટ્ટર બિનહરીફ છે.

આઈફોનનું પણ એક ઉદાહરણ લઈએ. ૨૦૧૫માં કેલીફોર્નિયાના સાન-બર્નારડીનોમાં બે શૂટર દ્વારા આત્મઘાતી હુમલો કરવામાં આવેલ, જેમાં ૧૪ લોકોના મૃત્યુ થયા હતા અને ૨૨ લોકો ગંભીર રીતે ઘવાયા હતા. સમગ્ર ઘટનાની તપાસ દરમિયાન એફ.બી.આઈએ હુમલો કરનાર બે વ્યક્તિમાંથી એકનો ફોન કબજે લીધો. પરંતુ એ ફોન અનલોક કરવો શક્ય નહોતો, કેમ કે ફોનનો માલિક સૈયદ રીઝવાન ફારુક શૂટઆઉટમાં મરાઈ ચૂક્યો હતો. એમના અન્ય સાગરીતોની જાણકારી માટે ફારુકનો ફોન અનલોક કરવો જરૂરી હતો, એટલે એફ.બી.આઈએ એપલ કંપનીની મદદ માંગી. પરંતુ એપલે પોતાના ઉપભોક્તાની ગોપનિયતાનું સમ્માન કરતા એ આઈફોનને અનલોક કરવાની ચોખ્ખી ના પાડી દીધી. તો એફ.બી.આઈ કોર્ટમાંથી ઓર્ડર લઇ આવી. એમ છતાં એપલે કોર્ટના એ ઓર્ડરને દેશની સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો અને કહ્યું કે, "આ કેસ એક વ્યક્તિ અને એક આઈફોન કરતા મોટો છે. ગુનેગાર હોવા છતાં સૈયદ ફારુકનો ફોન અનલોક કરી આપવો એ નાગરિક સ્વતંત્રતા માટે ખતરો છે. ૧૪ લોકોની હત્યા એ કોઈ નાનો અપરાધ તો નથી જ પણ નાગરિકોની ગોપનીયતા પણ એટલી જ જરૂરી છે.




તમે એક ગુનાની આડમાં પીડિતોને ન્યાય આપવા બીજા કાયદાઓનું ઉલ્લંઘન કરો એ પણ વાજબી તો નથી જ."

ફારુક સૈયદની વાતને ધ્યાનમાં રાખીને આપણે ત્યાં ૨૦૧૯માં હૈદરાબાદમાં બનેલ સામુહિક બળાત્કારની ઘટનાને યાદ કરો. ગણતરીના કલાકોમાં પોલીસે ચાર અપરાધીઓને પકડી પાડ્યા હતા અને બે-ત્રણ દિવસોમાં જ એન્કાઉન્ટર દ્વારા ચારેય આરોપીની હત્યા કરવામાં આવેલી. અને પોલીસની આ હરકતને સોશિયલ મીડિયામાં બે મોઢે વખાણવામાં આવેલ. આ સમયે એન્કાઉન્ટર કરનાર

પોલીસને હીરો કહેનારા લોકો એ ભૂલી ગયા હતા કે, “અહીં બન્ને તરફ બંધારણ અને માનવાધિકારનું ઉલ્લંઘન કરનાર લોકો જ હતા.” આ વાંચનાર સોમાંથી એક સો એક લોકો એવું કહેશે કે, “પણ પેલા ચાર બળાત્કારના આરોપી હતા અને પોલીસે ન્યાયને ઝડપી બનાવ્યો.” પણ બીજી બાજુ જુઓ તો એપલે ચૌદ લોકોના હત્યારાનો ફોન અનલોક કરવાની ચોખ્ખી ના પાડી ત્યારે અમેરિકન પ્રજાએ આઈફોનનો બહિષ્કાર નહોતો કર્યો. એમણે નાગરિકના અધિકારોનું સમ્માન કરનાર એપલ કંપનીના નિર્ણય માટે એમણે શાબાશી આપી હતી. જો આ જ ઘટના આપણા દેશમાં બની હોય તો સોશિયલ મીડિયાના સૈનિકો આવી કંપની માથે માછલા ધોવે કે બીજું કંઈ કરે? જે લક્ષ્ય માટે આપણે વાતો કરીએ છીએ એની પૂર્વતૈયારી માટે આપણે હજી ઘણો સમય જોઇશે. કેમ કે, ભલે એમનો ઉદ્દેશ નેક હોય, પણ જો કોઈ ગુનેગારની અંગત માહિતી આવી કંપનીઓ છડેચોક આપી શકે, તો પણ એ કિસ્સામાં એ કંપની પર તમે વિશ્વાસ કઈ રીતે કરી શકો? અને અહીંની કોઈ વ્યક્તિ પોતાની સત્તાનો એવી માહિતી કઢાવવા માટે અહીં સ્થપાયેલી આવી કંપનીઓ પર દબાણ નહિ જ કરે, એવું માની લઈએ તો પણ કોઈ લાલચ કે ધાક-ધમકીમાં આવ્યા વગર કંપની ખુદ આપણી અંગત માહિતી ગોપનીય રહેવા દેશે, એવું તમને લાગે છે?

છેલ્લે એક રસપ્રદ વાત. એલન ટૂરીન્ગે હિટલરના ‘એનીગ્મા’ સાયફર મશીનને ડીકોડ કરી લીધા પછી હિટલરના દરેક આદેશો બ્રિટન આગાઉથી જ જાણતું હતું. પરંતુ જો દરેક લડાઈમાં બ્રિટન તૈયાર રહે તો હીટલરને શંકા થાય એટલે અમુક લડાઈમાં બ્રિટન જાણી જોઇને હાર્યું. કેમ કે એક યુદ્ધમાં બ્રિટન જીતે એના કરતા હિટલર આખું વિશ્વયુદ્ધ હારી જાય એ વધુ જરૂરી હતું!





હીરલ વ્યાસ

# સંતોક



માથે ભાતું, ભરત ભરેલું કેડિયું, આભલાં ભરેલી ચૂંદડી, ઘૂઘરી વાળો ઘાઘરો, પગમાં ઝાંઝર, હાથમાં મોરલાની ભાતના ચાંદીનાં કડા, ગળામાં ચાંદીનો કડલો, કપાળમાં લાલ ચટ્ટાક ચાંદલો ને સેંથીમાં માય નહિ એટલું કંકુ. ખેતરે કામ કરતો રમેશ સંતોકની રાહ જ જોતો હોય. રમેશને રાહ જોતો જુવે તો ક્યારેક સાથે આવેલી સાસુ બે'ઉના ઓવારણાં લે! આમ તો સંતોક પાસે ઝાઝું ક્યાં કંઈ હતું, એક રામ જેવો રમેશ, એક સાસુ, પચ્ચીસ વીઘા જમીન ને એક ઘર. દિવસ ઘરના કામમાં ને રાત રમેશના સાથમાં ક્યાં જતાં ખબર ન પડતી!

ગામ નાનું ને ગણાય એટલાં જ ઘર. ગામમાં કોઈ નવું આવે તો આખા ગામને ખબર પડે. પણ, શહેરમાં ભણીને આવેલા દેવજી માટે ગામમાં ઘણું નવું હતું. ગામ હોય ત્યાં ઉકરડો તો રહેવાનો જ! આ દેવજી એટલે જીવતો જાગતો ઉકરડો. શહેરમાં ગયો ‘તો ભણવા, પણ શહેરની આઝાદ હવા ભરીને ગામમાં પાછો આવ્યો 'તો. જીન્સનું અડધી કમર સુધીનું પેન્ટ, ચેક્સનું શર્ટ, શર્ટના પહેલા બે બટન ડેલીના દરવાજાની જેમ ખુલ્લા, ગળામાં જાડી ચેન, મોઢામાં માવો અને માવાથી પીળા પડેલા દાંત. ગામના ગલ્લે બેસી રહેવાનું ને આવતા જતા બધાની ખબર રાખવાનું. જે ગમે એની સામે દાંત કાઢી હસવાનું ને ના ગમે તો બાજુમાં થૂંકી નાંખવાનું.

“હાય્લ.. ખેતર તો બહુ મોટું છે. કીયા ખૂણામાં હું ને તું બેઠા છીએ તે તારા ભોળા રમેશને ખબરેય નહિ પડે.” એક દિવસ ખેતરના રસ્તે સંતોકને આંતરતાં દેવજી બોલ્યો.

"હાલતીનો થા... તારે કોઈ નથ. મારે તો મારો રમેશ ભલો ને મારું ઘર ભલું.."

“એ તો છે, ને રેશે. મેં ક્યા ઘર ભાંગવાનું કીધું! આ તો... બપોરે જરા..."

સ..ટ્ટા..ક... કરતો સંતોકનો હાથ દેવજીના ગાલ પર સંતોકની અને એના આંગળાની છાપ છોડતો ગયો.

ગભરાયેલી સંતોકને જોઈ રમેશે પુછ્યું'ય ખરું, “સું થય્યું?”

“આવતાં એરું જોઈ ગઈ તે બી ગય.” સંતોક મોંઘમ બોલી.

“લે, ખેતરના એરુંનેય તું ગમી ગઈ." ભોળું હસતાં રમેશ બોલ્યો.

પણ સંતોક હસી ના શકી.

સુખ ક્યાં કોઈનું અખંડ રહ્યું છે કે સંતોકનું રહે! બે દિવસ પછી રમેશની લાશ ખેતરના કૂવામાં તરતી દેખાઈ.

“ર...મે...શ...", કરીને સંતોકે પોક મૂકી. આઘાતથી સંતોકની સાસુ પડી ગઈ ને ખાટલો પકડી બેઠી.

તેર'દિના શોક પછી ચૌદમે'દિથી સંતોક ખેતરે પહોંચી. હવે તો ખેતરને એણે ઊભું રાખવાનું હતું. એને ખેતરની માટીમાં રમેશ અનુભવાતો... કામ કરતો, સામે બેસી ભાતું ખાતો, ફાળિયાથી પરસેવો લૂછતો. ક્યારેક ધ્રુસકે ચડતી, પણ રમેશે જતનથી ખેડેલું ખેતર આંસુને શોષી લેતા!

“ક્યાં ગય? એક રોટલો કરતાં આટલી વાર..!", ખાટલે પડેલી સાસુ અકળાઈને બોલી.

“અટાણે રોટલો ખાઈશ તે બપ્પોરે મારો જીવ ખાઈશ? દૂધની રાબ બનાવું સું. ખાય લે. નહિંતર ખાટલેથી ઊભી નંઈ થઈ હકે.”

“દાક્તરને તો કહેવાનું. ખેતરે કામ કરવા કોણ આવશે, એનો બાપ? એમ ભગવાન ભરોહે ખેતર રાખીશ તો આખ્ખું વરહ ખાશું શું? શકોરાં?”

“હવે ખાય લે.. બધ્ધુ થઈ જાહે, ચંત્યા ન કર..", સંતોક પાલવથી આંખ લૂછતા બોલી.

“ખેતર નાનું નથ, ને તું રઈ એકલી. કેમની પૂગી વળીશ? આ રાઘાબાપાનો દેવજી કે દિ'નો આંટા મારે છ. તું કે’ તો વાત મુકુ રાઘાબાપાને. પછી તું ને દેવજી ખેડજો આખ્ખું ખેતર.” સાસુ ગળગળી થઈને બોલી.

વાત સાંભળતાં જ સંતોકના મનમાં એક ઝબકારો થયો. સાસુની અનુભવી આંખથી એ અજાણ્યું ના રહ્યું.

"થાહે... ઉપરવાળો હંધુય..." સંતોકને બોલતાં બોલતાં એક મોટો ઉબકો આવ્યો.

“હવે કોઈની જરુર નથ.." સંતોકે આંસુભરી આંખે સાસુ સામે જોઈ પેટ પર હાથ ફેરવ્યો. ને બન્ને એકબીજાને ભેટી પડ્યા.



કિરીટ ગોસ્વામી

## બાળગીત - પપ્પા જેવો થાઉં

ચાલ, ઘડીભર પપ્પા જેવો થાઉં..!
સૂટ-બૂટ પહેરીને આજે ઑફિસે હું જાઉં!

પપ્પાજીના ચશ્માં પહેરી,
ખોલું મોટી ફાઇલ,
ઘડીક ખોલું કમ્પ્યુટર,
ને ઘડીકમાં મોબાઈલ.

જમું બપોરે ઝટપટ, પાછો જલદી નીકળી જાઉં!
ચાલ, ઘડીભર પપ્પા જેવો થાઉં..!

દિલ્હી-મુંબઇ.. સાવ અચાનક
આવી પડતી ટૂર,
મન તો ઘરમાં હોય છતાંયે
જાવું પડતું દૂર.

સહેલું કયાં છે પપ્પા થાવું? પળમાં સમજી જાઉં!
ચાલ, ઘડીભર પપ્પા જેવો થાઉં..!

## બાળગીત - ઝાડભાઇને પ્રશ્નો

ઝાડભાઇ ! ઊભા-ઊભા થાકી ન જાવ..?
તમે કયા જાદુથી લીલાછમ થાવ..?

ઝાડભાઇ ! આભલાને અડ્યા કયારેય..?
કેવું છે..? ધરતી જેવું જ છે શું એ ય ?

ઝાડભાઇ ! પંખીની જેમ તમે ગાવ ?
ઝાડભાઇ ! ઊભા-ઊભા થાકી ન જાવ..?

ઝાડભાઇ ! તમને હું દાદાજી કહું..?
મીઠા-મીઠા છાંયડાના ખોળામાં રહું..?

ઝાડભાઇ ! તમને ના કોઇ રીસ-રાવ..?
તમે કયા જાદુથી લીલાછમ થાવ ?

# શબ્દ-સંપુટ

## અનોખી સંગીત સારવાર



### ડૉ. કાર્તિક શાહ

એક વાર ઘેઘુર કંઠના માલિક અને સુગમ સંગીતના દિગ્ગજ રાસબિહારી દેસાઈ ગાડીમાં તેમના નિવાસથી વસ્ત્રાપુર ખાતે નવરાત્રી નિમિત્તે માતાજીનું સ્તુતિગાન કરવા જઇ રહ્યા હતા. ગાડીમાં ‘ૐકાર’ની શાસ્ત્રીય ધ્વનિ અસર ઉભી કરતી સીડી વાગી રહી હતી.

રાસભાઈ બે જ મિનિટમાં મૌન થઇ ગયા અને જ્યાં પહોંચવાનું હતું ત્યાં પહોંચ્યા સુધીમાં તો ધ્યાનસ્થ થઇ ગયા. થોડી ક્ષણો પછી શ્રી માતાજીના સ્થાપન પાસે બિરાજી એમણે એકાદ સ્તુતિગાન કર્યું. પણ આજે આંખમાંથી અશ્રુ વહ્યા કર્યા! રાસભાઈ ભાવસમાધિના કલાકાર હતા, પણ સૌને આશ્ચર્ય થયું કારણ કે રાસભાઈએ માને આજે કંઠગાનનો નહિ પણ અશ્રુધારાનો અભિષેક કરાવ્યો હતો. રાસભાઈએ કહ્યું, “આજે ગાડીમાં જે સીડી સાંભળી છે એની આ અસર છે.."

આ જે સીડી રાસભાઈએ ગાડીમાં સાંભળી એ એક નવ સીડીના સેટનો એક ભાગ હતી. આલ્ફા મ્યુઝિકની આવી નવ



સીડી એક વિજ્ઞાન-કોલેજના કેમિસ્ટ્રીના પ્રોફેસર અને એમના બે એન્જીનીયર દીકરાઓએ બનાવી છે. જી હા, જેમને સંગીતમાં પાંડિત્ય જરાય નહોતું. પણ હા, વિજ્ઞાનની થોડી સુઝબુઝ ખરી!

આવો હવે આગળ અન્ય એક રોચક પ્રસંગ તરફ આગળ વધીએ. આ પ્રોફેસરનો જન્મ મુંબઈમાં ૧ જૂન, ૧૯૪૩ના રોજ થયો હતો. ચાર ધોરણ સુધી મુંબઈ ભણ્યા અને પછી આગળ ભણવા તેઓ આણંદ આવ્યા અને સેન્ટ ઝેવિયર્સમાં ભણ્યા. ત્યાંજ સાયન્સ કોલેજમાં તેઓ ભણ્યા. ૧૯૬૫માં ‘બેચલર ઓફ સાયન્સ’ થઇ ગયા. આમ તો નાનપણથી જ તેઓ જાદુના ખેલ અને રહસ્યો જાણવામાં મસ્ત રહેતા હતા.

આ પ્રોફેસર કોલેજમાં ભણતા હતા ત્યારે

એક પ્રસંગ બન્યો, જેને કારણે તેઓ આખી દુનિયામાં વિખ્યાત થઇ ચુક્યા છે. નાનપણથી જ તેઓને જૂની વસ્તુઓ સંગ્રહ કરવાનો શોખ હતો. માળીયે બધું ભેગું કરે રાખતા. એક વાર આવી જ કોઈક વસ્તુ ફાંફાફોળા કરતા કરતા લાકડા કાપવાની એક જૂની કરવત માળીએથી નીચે પડી. અને એમાં એક વિચિત્ર ઝણઝણાટીવાળો અવાજ એમને સંભળાયો. ત્યાર બાદ એમણે એ જ કરવતને ફરીથી ઊંચકી બે પગ વચ્ચે પકડી તેની પાર ફરીથી એક ટકોરો માર્યો, તો સંગીતનો એક સરસ સૂર સંભળાયો! પછી એકદમ જ્ઞાત થયું કે અરે આમ તો સંગીતના ઘણાં સૂર છુપાયેલા છે! ત્યારથી એક લાકડા કાપવાની કરવતમાંથી સૂરો કાઢવાની એમની યાત્રા શરૂ થઇ અને ઈ.સ. ૨૦૦૦માં એને મૂર્તિમંત સ્વરૂપ પણ આપી દીધું.

શરૂઆતમાં કોલેજથી સાંજે ઘરે આવીને કરવત લઇ તેઓ જાતજાતના અવાજ કાઢવા બેસી જતા. ભિન્ન ભિન્ન રીતે પ્રયોગો કરે એટલે ઘરના બધા સભ્યો સ્વાભાવિક જ આ અવાજથી હેરાન થાય. એટલે પ્રોફેસર બધો સામાન ઉપાડી પહોંચે ખેતર વચ્ચે. આમ અથાગ પ્રયત્નો બાદ એક નોખું વાજિંત્ર વિકસ્યું, જેનું નામ પણ એમણે આપ્યું! એ પછી જોઈએ. વાંચો એ પહેલા અન્ય એક રોચક પ્રસંગ.

વર્ષ ૨૦૦૩ની વાત છે. કેલિફોર્નિયા, યુ,એસ.એ.માં ‘IMSA (International Musical Saw Competitin)’ પ્રતિયોગિતામાં એમને ભાગ લેવાનું આમંત્રણ મળ્યું. તેના રિયાઝ માટે સવાર-સાંજ એક-એક કલાક કલાક ઘરના બગીચામાં એ કરવત વગાડવા બેસી જાય. થોડા સમય બાદ અવલોકન કરતાં માલુમ પડ્યું કે આ સંગીત કે ધ્વનિની અસરને લીધે હોય કે ખબર નહિ પણ ઘરની વાડીમાં જ્યાં એ રિયાઝ કરતા તેની આજુબાજુના રીંગણાના છોડ ૯ ફૂટ, તુવેર સિંગના છોડ ૧૪ ફૂટ અને લેમન ગ્રાસ ૯ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા, જયારે વાડીના અન્ય દૂરના છોડ માત્ર ૩ ફૂટના જ હતાં! સ્વાભાવિક રીતેજ ધ્યાન ખેંચાય એવું આ પરિવર્તન હતું. પોતે વિજ્ઞાની જીવ એટલે મંડ્યા આગળ રિસર્ચ કરવા. સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગરના ભૌતિકશાસ્ત્રના ટેક્નિકલ ડાયરેક્ટર શ્રી લાલ ઝાનો સંપર્ક કરી અને ભૌતિકશાસ્ત્રના જ પ્રોફેસર ડો. એસ. જી. પટેલના માર્ગદર્શન હેઠળ પોતાની વાતને સંશોધન રૂપે ચકાસવાની શરૂઆત કરી. એમણે કોમ્પ્યુટરાઇઝડ ઓસિલોસ્કોપ (OSCILLOSCOPE)માં તેઓ દ્વારા ઉત્પન્ન થતા સંગીતના ધ્વનિ તરંગો, ધ્વનિ દબાણ, ધ્વનિ ઉર્જા, વગેરેનો






વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવ્યો. એ જ અસરનું ફરીથી નિરૂપણ થયું. અને જાણવા મળ્યું કે, "આ ધ્વનિ તરંગો એ આપણે જે સાંભળી શકીએ છીએ એવા જ ધ્વનિક્ષેત્રમાં છે, પણ તેની ઉર્જા અન્ય સંગીત વાદ્યથી ઉદભવતા ધ્વનિ કરતા ૨૫ ગણી વધુ છે અને ધ્વનિ દબાણ ૭૦ ડેસિબલ જેટલું અસામાન્ય છે. આ વાદ્યમાંથી આપણા કાન સાંભળી શકવા સક્ષમ નથી, એવા આલ્ફા તરંગો પણ નીકળે છે." આલ્ફા તરંગોના આ યુનિક રિસર્ચથી પ્રોફેસરની દિશા જ બદલાઈ ગઈ. વિજ્ઞાનના અનુસ્નાતક અને ડોક્ટરેટ થયેલા પ્રાધ્યાપક એટલે પોતે હજુ વધુ સંશોધનરત થયા અને વિચાર્યું કે વનસ્પતિ જેવા જીવ પર જો આ વાદ્યની અસર થતી હોય તો મનુષ્ય પર કેમ નહીં? મનુષ્યના મગજ પર પણ કેમ નહીં? અને શરુ થયો પ્રોજેક્ટ 'મ્યુઝિક થેરાપી'નો. એમણે ડો. લાલ ઝાના માર્ગદર્શન હેઠળ એવું મશીન વિકસાવ્યુંજે કાન ઉપર આલ્ફા તરંગો, કપાળમાં આલ્ફા પલ્સ, અને આંખો પાર વિઝયુઅલ ઇફેક્ટ જેવી નિયંત્રિત અસરો ઉભી કરી શકે છે. અને આ ત્રણ અસરો મગજના તરંગોને આલ્ફા ક્ષેત્રમાં લાવવા મદદ કરે છે એટલે જે-તે દર્દી તરત જ આરામદાયક સ્થતિનો એટલે કે તણાવરહિત સ્થિતનો, જો એને દર્દ હોય તો દર્દશામક પરિસ્થિતિનો સુખદ અનુભવ કરે છે. છે ને આશ્ચર્યજનક શોધ? અને હા.. આ બધું જ આપણા ગુજરાતી અને ગુજરાતમાં જ થયું છે જેની પુરી દુનિયામાં હવે નોંધ પણ લેવાઈ ચુકી છે. ગિનેસબૂકમાં પણ એમનું આગવી શોધમાં નામ રજીસ્ટર થઇ ચુક્યું છે. કેટલાય પરિસં વાદો, સેમિનાર, પ્રાયોગિક શિબિરોમાં.વાદ્યના.જીવંત ડેમોન્સ્ટ્રેશન/ઉદાહરણો પણ તેઓએ રજુ કર્યા છે.

પ્રોફેસરને સમજાઈ ચૂક્યું હતું કે, તેમનું આ વાદ્યમશીન ધ્વનિતરંગોને ધ્વનિ પલ્સમાં ફેરવે છે અને તેની સાથે

વિશેષ ઇલેક્ટ્રોડ જોડીને કોણી-સાંધા-કમર-ખભા વગેરે દર્દીને જ્યાં દુખાવો થતો હોય ત્યાં એને પસાર કરતા ત્યાંના સ્નાયુ અને વાહિનીઓ ખેંચાય છે અથવા તો સ્ટિમ્યુલેટ થાય છે. જેનાથી લોહીનું પરિભ્રમણ વધે છે અને દુઃખાવો દૂર થાય છે. અમદાવાદના અગ્રગણ્ય નામાંકિત ન્યુરોફિઝિશિયન ડો. સુધીર શાહે પોતાના દર્દી પર આ પ્રયોગ બે વર્ષ કરી પોઝિટિવ પરિણામ પણ મેળવ્યા અને પ્રોફેસરની પીઠ પણ થાબડી છે. 'આઈ.આઈ.એમ.', અમદાવાદમાં પણ તેમનું આ વાદ્ય વાગી ચૂક્યું છે. 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ'માં પણ તેમને સ્થાન પ્રાપ્ત થયું છે. આઈ.બી.સી., કેમ્બ્રિજ, યુ.કે. દ્વારા, વોશિંગટન ગુજરાતી સમાજ દ્વારા, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ દ્વારા અને રોટરી ઇન્ટરનેશનલ દ્વારા જેવી મોટી સંસ્થાઓ દ્વારા પણ એમનું બહુમાન થયું છે. એમના સંશોધનપત્રો અનેક વિશ્વ સામાયિકોમાં પ્રસિદ્ધ થઇ ચુક્યા છે.

આણંદ જેલમાં એમના આ સંગીતના કેમ્પ દરમયાન કેટલાય કેદીઓ ચોધાર આંસુએ બરાબર રાસબિહારીની જેમ જ ગર્ભિત અસરથી રડવા લાગ્યા અને વર્તમાન સ્થિતિમાંથી બહાર આવવા તૈયાર થયા. આપઘાતના પ્રયાસ કરનારી ચાર બહેનો માત્ર ચાર સિટિંગમાં સંકલ્પબદ્ધ થઇ કે હવે જીવન આનંદથી જીવીશું. અને આ બધું હકીકત છે, કઈ ગપગોળા નથી!

નબળી આર્થિક પરિસ્થિતિમાં ઉછરેલ આ પ્રોફેસર નાનપણમાં રેલવે પ્લેટફોર્મ પર તાડફળી વેંચતા, પાણી પાતા અને થોડા ઘણા પૈસા આ રીતે કમાઈને માતાને મદદ કરતા. પાડોશમાં હાર્મોનિયમ વગાડતા ભગત પાસે જઈને બેસી જતા અને 'સારેગમપધનીસા' શીખતા. એક વાર રસ્તામાં વીસ રૂપિયાની નોટ મળી તો એનાથી તેઓએ માઉથ ઓર્ગન ખરીદ્યું અને આજીવન પોતાની પાસે સાચવી રાખીને વગાડ્યા કર્યું છે. વાંસળી ખરીદવાનો શોખ થયેલો પણ પછી વાયોલિન પોતાની નોકરીના પહેલા પગારમાંથી જ ખરીદી શક્યા.

આજે આટલા વર્ષે તેઓ પોતાના નવા વિકસાવેલા આ સાધન મારફતે વાયોલિન, વાંસળી, માઉથ ઓર્ગન, હાર્મોનિયમ, બેન્જો અને કરવત એક સાથે વગાડીને યાદગાર ગીતોની દુનિયામાં સૌને ગરકાવ કરી શકે છે. તેઓ આજે કરવત ઉપર ત્રણ સપ્તક સુધીના સૂર કાઢી શકે છે જે વર્લ્ડ રેકોર્ડ છે!!

તેઓની નાનપણથી જ ડોક્ટર થવાની તીવ્ર ઈચ્છા હતી, માર્ક્સ પણ હતા પણ આર્થિક પરિસ્થિતિ ન હતી એટલે બિ.એસ.સી. જ કરી શક્યા. પણ આજે એ પોતે ડોક્ટરેટ પણ છે અને ડોક્ટર પણ છે. સંગીતની દવાથી કેટલાય દર્દીઓને

એમના દર્દથી તથા તણાવથી એમણે મુક્તિ આપી છે. કેટલાય વૃક્ષોને જીવન આપ્યું છે અને કેટલાય દુઃખીઓને શાતા પહોંચાડી છે. ભગવાન ઈસુના કરુણા સંગીત કણકણમાં ફેલાવતા આ નિવૃત પ્રાધ્યપક ગુજરાતના વલ્લભ-વિદ્યાનગરમાં નાના બજારમાં મોટા થઈને પ્રેમમગ્ન થઈને જીવી રહ્યા છે.

આ પ્રાધ્યાપકનું નામ છે - 'ડૉ. હરીશ ગેર્શોમ' અને તેમણે વિકસાવેલ વાજિંત્રનું નામ છે - 'હરિશોફોન'! અન્ય સાધન કે જે દર્દીઓને સારવાર આપવા માટે બનાવ્યું છે એના નામ છે: 'માઈન્ડ મશીન' અને 'THNMS - ટ્રાન્સ ક્યુટેનિયસ હરિશોફોન નર્વ એન્ડ મસલ સ્ટીમ્યુલેટર'. જે મ્યુઝિક અને ધ્વનિ તરંગોથી સારવાર અપાય છે તેનું નામ છે: 'આલ્ફા ટચ થેરાપી'.





શીતલ ગઢવી

## ગઝલ

નભ,ચંદ્ર, આફ્તાબની વ્યાખ્યા અલગ હતી.
મારાં ને એના ખ્વાબની વ્યાખ્યા અલગ હતી.

એને હતું પસંદ સતત સત છુપાવવું,
શબ્દો ઉપર નકાબની વ્યાખ્યા અલગ હતી.

પુસ્તક ભરીને અગણિત લાગણી લખી,
એમાં થતા હિસાબની વ્યાખ્યા અલગ હતી.

મળતા રહ્યા અનેક બહાના કરી અમે,
મિલન ભર્યા ગુલાબની વ્યાખ્યા અલગ હતી.

જીવી ગયા છે જિંદગી ખુદમાં અકડ ભરી,
બંનેયના રુઆબની વ્યાખ્યા અલગ હતી.



મકરંદ મુસળે

# પંચતત્વ (ગણપતિ ગીત)

પંચતત્ત્વનો દેહ ને એનું એક તત્વ છે માટી,
દુંદાળા તારી મૂર્તિમાં એ જ તત્વ કાં બાકી ?

થાય વિસર્જન જળમાં તારું ત્યાં પણ તું ક્યાં ડૂબે?
પ્લાસ્ટર ઑફ પેરિસ ઓઢીને તળાવ આખું રુએ
જળચર મરવાનાં છે કેમિકલને ચાખી ચાખી.
પંચતત્ત્વનો દેહ ને એનું એક તત્વ છે માટી...

આતશબાજી, ધૂળ-ધુમાડા, શ્વાસ ગયો રૂંધાઈ,
ઢોલ, નગારાં, ડી.જે. ગર્જે કાન ગયા ગભરાઈ
આંખ હવાએ ચોળી રાતી, કાળી ખાંસી ખાધી
પંચતત્ત્વનો દેહ ને એનું એક તત્વ છે માટી...

\

સરઘસ ટાણે ટોળું આવી ક્યાંક પલીતો ચાંપે,
અગ્નિ નામે તત્વ ભરાઈ બેઠું બોમ ધડાકે,
આગ હવે જોવા ટેવાયા, આંખે પાણી રાખી.
પંચતત્ત્વનો દેહ ને એનું એક તત્વ છે માટી...

મારા મનનું પંખી માંગે એક જ ટુકડો આભ,
એય પચાવી બેઠા તારી મૂર્તિઓના પ્હાડ,
આભ બની લાચાર જુએ છે, મોઢું સ્હેજ વકાસી.
પંચતત્ત્વનો દેહ ને એનું એક તત્વ છે માટી...

બોલ શરમ રાખું કે માણસ-ધરમ હવે નિભાવું?
બોલ ગજાનન આ વર્ષે પણ તને ફરી બોલાવું?
તું સમજીને ના આવે એવી ઇચ્છા મેં રાખી.
પંચતત્ત્વનો દેહ ને એનું એક તત્વ છે માટી...



ડૉ. રંજન જોષી

# રમત



પોતાની બહેનનું માંગુ ઠુકરાવનાર સાળા અને સસરાને પાઠ ભણાવવા માટે આલાપે તેમની સાથેનો સંબંધ કાપી નાખ્યો. ઈશા ખૂબ કરગરી પણ આલાપ ટસનો મસ ન જ થયો. પિયરીયાઓ ગામમાં આવે તોય ઈશાને ઘેર ન આવી શકે કે ઈશા પણ બહાર જઈ તેમને ન મળી શકે. પાંચ વર્ષ વીતી ગયા આ વાતને.

એક રવિવારે આલાપ બંને બાળકો સાથે ઈસ્ટો રમતો હતો. દીકરી હારવા આવી એટલે રડતાં રડતાં રમતને ઉછાળતા બોલી, "જાવ.. મારે નથી રમવું હવે. હું ક્યારેય ઈસ્ટો નહીં રમું. પપ્પા.. તમારી સાથે તો સાવ નહીં." ઈશા રસોડામાંથી બહાર આવતા બોલી, "બેટા, એમ અડધે ન છોડાય, રમત હોય કે સંબંધ. એકવાર આરંભ કર્યા પછી રમવું તો પડે જ." આલાપ ઈશા અને દીકરીના સંવાદોથી બે ક્ષણ સુન્ન થઈ ગયો. મોબાઈલ કાઢી દૃઢ નિર્ધાર સાથે તેણે સસરાનો નંબર જોડ્યો.



તેજલ શાહ

# સુદામા

મોહમ્મદ માંકડના વાર્તાસંગ્રહ ‘વળાંક’માંથી આ વાર્તા લીધેલ છે. શૈક્ષણિક ક્ષેત્રે ચાલી આવતી વાલીઓની બીબાઢાળ માનસિકતાને આ વાર્તા વળાંક આપવા સક્ષમ છે.

દહેરાદુન જેમ જેમ નજીક આવતું ગયું, તેમ તેમ અનંતરાયને ભૂતકાળ વધુને વધુ સાંભરવા લાગ્યો. આમ તો વિરમપુરથી ટ્રેનમાં બેઠા ત્યારથી જૂની વાતો સાંભરતી હતી અને સૌરાષ્ટ્રથી દહેરાદુન સુધીની લાંબી મુસાફરી કદાચ એટલે જ ઓછી કંટાળાજનક લાગતી હતી.

જે કામે એ જતા હતા એ સફળ થશે ને? થશે જ. તેમનું મન કહેતું હતું. એમની પત્ની સુધાએ પણ એમ જ કહ્યું હતું. ખરેખર તો સુધાનો આગ્રહ હતો, નહીં તો અનંતરાય કદાચ દેહરાદુન સુધી લાંબા થતા જ નહીં. પણ જયંતીલાલના પત્ર વાંચીને સુધાએ એટલો બધો આગ્રહ કર્યો કે અંતરાય માની ગયા હતા.



જયંતીલાલના પિતા ગઢકા નગરશેઠ હતા. હાઈસ્કૂલમાં જયંતીલાલના અક્ષરો ગરબડીયા અને ગણિત તો એમને બિલકુલ આવડતું નહોતું. છતાં નસીબે ગણિતમાં કાચા જયંતીલાલને લાખો રૂપિયાનો વહીવટ સોંપ્યો હતો અને સુંદર અક્ષરોવાળા અને ગણિતની આંટીઘૂંટીઓના જાણકાર અનંતરાયને નસીબે શેઠિયાઓને ત્યાં નામ લખવાનું કામ સોંપ્યું. આ નસીબની બલિહારી હતી!

એક દિવસ જયંતીલાલનો પત્ર આવ્યો અને એ પત્ર વાંચ્યો ત્યારે જ અનંતરાયને ખબર પડી કે એમના એક વખતના સહાધ્યાયી અને મિત્ર જયંતીલાલ એ જાણીતા લક્ષાધિપતિ જયંતીલાલ 'શેઠ' છે.

પત્ર વાંચીને ઘરના જૂના ટેબલમાં સંઘરી દીધો હતો. પત્ર જયંતીલાલની જાહોજલાલી તરફ અને અનંતરાયની ગરીબી તરફ અંગુલિનિર્દેશ કરે એવો હતો. સુધા એ ન વાંચે એ જ સારું હતું. બન્ને દીકરીઓના લગ્ન અને ત્રણ વાર નાપાસ થઈને આ વર્ષે માંડ માંડ એસ.એસ.સી.માં પહોંચેલા દીકરાની ચિંતા તો હતી અને સાથે એમનું પોતાનું ભવિષ્ય પણ હતું.

જયંતીલાલ પોતે અનંતરાયને સ્ટેશન પર લેવા આવ્યા હતા અને બંને મિત્રો સ્ટેશનની બહાર નીકળ્યા. ઘેર જતાં રસ્તામાં જયંતીલાલએ તેમના જીવનની વાત કરી. બંગલો, ગાડી, સુશીલ પત્ની ઊર્મિલા, ઈર્ષ્યા થાય એવો દીકરો મનહરલાલ અને એને પણ ત્યાં બે દીકરા અને એક દીકરી નેહા. સંસાર મહેંકી ઊઠ્યો હતો. આ સાંભળીને અનંતરાય ધન્ય થઈ ગયા.ચાર વર્ષ પહેલા જયંતીલાલની



પત્ની ઉર્મિલા લોહીના કેન્સરમાં મૃત્યુ પામી ત્યારથી જીવન પ્રત્યે એમને અભાવ આવી ગયો હતો. એમણે તમામ મિલ્કતના ત્રણ અલગ ટ્રસ્ટ બનાવી, સાવ સાદગીપૂર્ણ જીવન જીવવું શરૂ કર્યું હતું.

રાત્રે જયંતીલાલ પોતાની જાતે જ ગાદલું નાખીને નીચે સૂઈ ગયા. અનંતરાયને મોડે સુધી ઊંઘ ન આવી. અહીં આવવાથી કોણ જાણે કેમ એમને એમની ઉપાધિઓ વધારે સાંભરવા લાગી.

ત્રણ દિવસ પછી જયંતીલાલ એ કહ્યું, "અનંતરાય, તમારી નાની મોટી ચિંતાઓ વિશે તો અમને કહો." એ શબ્દો સાંભળીને અનંતરાય એકદમ ઉત્સાહમાં આવી ગયા. એમણે કહ્યું, "બે દીકરીઓ મોટી થઈ ગઈ છે. પરણાવી તો પડશે ને!"

જયંતીલાલે કહ્યું, "કેવી વાત કરો છો? હવે કંઈ પહેલાંનો જમાનો છે, હવે તો સ્ત્રી-સ્વાતંત્ર્યતાનો જમાનો છે. ગ્રેજ્યુએટ છોકરીઓ પોતાના જીવનસાથીની પસંદગી નહીં કરી શકે? અનંતરાય તમે કયા યુગમાં રહો છો? તમે ભણાવી-ગણાવી પાંખો આપીને ઘણું કર્યું. હવે એમને એમની મેળે ઉડવા દો. બાંધી શું કામ રાખો છો?"

અનંતરાય સહેજ પાછળ પડી ગયા છતાં બોલ્યા, "અમે છીએ મધ્યમ વર્ગના માણસો. અમારે ઘણાં બંધનો સ્વીકારવા પડે. છોકરીઓની ઉંમર જો વધતી જાય..."

જયંતીલાલ બોલ્યા, "ઉંમર વધશે એની સાથે એમની આવડત પણ વધશે ને? તમે જો એમને તમારા ચોક્ઠામાં જ જકડી રાખશો તો એમનો વિકાસ કઈ રીતે થશે? કવિ જીબ્રાને શું કહ્યું છે જાણો છો ? તમારા બાળકોને પ્રેમ આપો પણ તમારા વિચારો ન આપશો. તમે તેમના જેવા બનવા પ્રયત્ન કરજો પણ તમારા જેવા એમને બનાવવાનો પ્રયત્ન ક્યારેય ન કરશો."

અનંતરાયને કોણ જાણે કેમ કવિ જીબ્રાન પર દાઝ ચડી ગઈ. એ નીચું જોઈને હાથ મસળવા લાગ્યા.

"જુઓ મારી વાત માનો. છોકરાઓને તો એની મેળે જ ઉડવા જ દો એમની ચિંતા કરવાનું છોડી દો. જ્યાં સુધી તમે એમની ચિંતા કરશો, ત્યાં સુધી એ લોકો પોતાની ચિંતા નહીં કરે. તમે એમની ચિંતા છોડી દો પછી જુઓ કે એ લોકો કેવી પ્રગતિ કરે છે.

"પણ એવું છે ને.." અનંતરાયે આખરી પ્રયત્ન કર્યો. "વાડ વિના વેલો ન ચડે. એને થોડો ટેકો પણ જોઈએ."

"પણ તે ટેકો ક્યાં સુધી? આજ સુધી તમે એમને ટેકો આપ્યો, હવે તમે ટેકો નથી આપતા તમે એમને વળગી પડ્યા છો. જે ચિંતા તમારી છે નહીં, એ ચિંતાને પકડી ન રાખો."

અનંતરાયે ઊંડો શ્વાસ લીધો. જે કામનું પોટલું લઈને અહીં આવ્યા હતા અને જે ખોલવાની ત્રણ દિવસથી મથામણ કરતા હતા, એ ફરીથી કચકચાવીને બાંધી દીધું અને પોતાને ન દેખાય એવી રીતે સંઘરી વાળ્યું.





પ્રશાંત શુક્લ

## ગઝલ

જાત જોખમમાં હવે નાખી છે મેં,
કોઈની પણ વાત ક્યાં માની છે મેં?

તારી આદત સાચવી મેં આ રીતે,
તું નથી તો 'ચા'ની લત પાડી છે મેં.

જગ તને જાણે નહીં મારા પછી,
ખાનગી એ ચિઠ્ઠી સળગાવી છે મેં.

ઋણ 'મા'નું ચૂકવું કેવી રીતે?
મૂંઝવણ હરકોઈમાં ભાળી છે મેં.

મોજથી પીડા હું પંપાળી શકું,
એક જગ્યા એવી પણ રાખી છે મેં.

# તમને મળ્યાનું યાદ



**રાજુલ ભાનુશાલી**

*એક હતો રેઇનકોટ*
*ને આપણે બે !*
*પછી એક ટીપું પછી સહેજ ઝરમર*
*પછી મન મૂકી*
*વરસી પડ્યો મેહ.*

*તું જ ઓઢને !*
*'તારે જ ઓઢવો પડશે' એવો*
*હુકમ કીધો આ જહાંપનાહે ને*
*બદતમીજીની હદ આવી ગઇ.*
*'હું નહીં, તમે જ ઓઢો' એવી*
*હઠ લીધી તે નૂરજહાંએ.*

*હું નહીં હું નહીં કરતાં આપણે*
*કેટલું નાહ્યાં ! કેટલું નાહ્યાં !*
*યાદ છે તને ?*

*સારું થયું ને ? કે.....*
*બે હતાં આપણે*
*ને રેઇનકોટ એક !*

*-- બકુલ ત્રિપાઠી 'ઠોઠ નિશાળીયો'*

શ્રી બકુલ ત્રિપાઠી એટલે ગુજરાતના જાણીતા હાસ્યલેખક, નિબંધકાર,



નાટ્યલેખક, કવિ તેમજ કટારલેખક. '*લિમ્કા બુક ઓફ રેકોર્ડ*' (૧૯૯૬)માં દર્શાવ્યા પ્રમાણે ભારતમાં એક જ અખબારમાં સૌથી વધારે (૪૩ વર્ષ) ચાલેલી કોલમના તેઓ લેખક. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂકેલા બકુલભાઈને રણજિતરામ સુવણચંદ્રક, કુમાર સુવર્ણચંદ્રક, જ્યોતીન્દ્ર દવે પારિતોષિક તથા ગુજરાત સરકારના પુરસ્કારો દ્વારા નવાજાયા છે.

એમની સર્જનયાત્રા ઘણી લાંબી છે. એમણે મોટેભાગે હાસ્ય અને કટાક્ષલેખો લખ્યા છે, જે આજના સમાજને પ્રતિબિંબિત કરે છે. એમણે 'સચરાચરમાં', 'વૈકુંઠ નથી જાવું', 'સોમવારની સવારે', 'દ્રોણાચાર્યનું સિંહાસન', 'બત્રીસલક્ષણા બકુલ ત્રિપાઠી', 'બકુલ ત્રિપાઠીનું બારમું', 'ગોવિંદે માંડી ગોઠડી', 'મન સાથે મૈત્રી',



'અષાઢની સાંજે પ્રિય સખી અને ભજિયાં', 'મિત્રોનાં ચિત્રો', 'બાપુજીની બકરીની બકરીના બકરાનો બકરો', 'ઈન્ડિયા અમેરિકા, હસતા હસતા', 'નવા વર્ષના સંકલ્પો', 'એક હતો રેઇનકોટ', 'મોચીનું ન હોવું', 'હિંડોળો ઝાકમઝોળ', 'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી', 'હૈયું ખોલીને હસીએ', 'શેક્સપીયરનું શ્રાદ્ધ' જેવા પુસ્તકો ઉપરાંત 'લીલા, પરણું તો એને જ પરણું' નામનું નાટક અને જયંતિ દલાલનાં એકાંકી તથા જ્યોતીન્દ્રના હાસ્યલેખોનું સંપાદન પણ પુસ્તકરૂપે કર્યું છે. 'Fantasia' (*અદ્ભુત*) સ્વરૂપે એમણે બાળસાહિત્ય ક્ષેત્રે પણ કામ કર્યું છે.

આ વરસાદી માહોલમાં 'તમને મળ્યાનું યાદ'માં આજે હું આવા પ્રખર સાહિત્યકારની રેઈનકોટ પરની એક કવિતા લઈને આવી છું. વરસાદ પડતો હોય ત્યારે એની અસરથી સાવ અલિપ્ત કોઈ રહી શકે ખરું?

વર્ષોના દાંપત્યજીવન પછી ઘણાખરા દંપત્તિઓમાં સંબંધ 'વહેવાર'ની કક્ષાએ પહોંચી જાય છે. એમાંથી રસ, ઉત્કંઠા કે કૌતુક જેવા તત્વોની બાદબાકી થઈ જાય છે. આ સંબંધો 'ચલતી કા નામ ગાડી' જેવા થઈ જાય છે. અમુક સંબંધો તો એવા થઈ જાય છે કે હજુ તૂટી નથી ગયા એટલે જળવાઈ રહેલા ગણાય છે. પતિપત્નીના સંબંધોમાં આ સ્થિતિ આવવી એ અત્યંત દુઃખદ બાબત છે. એકબીજા સાથે મને કે કમને માત્ર ખપ પૂરતી વાત થતી હોય, ચોખઠામાં ગોઠવાયેલું જીવન મશીનની જેમ જીવાયે જતું હોય એને દાંપત્ય કહી શકાય ખરું?
ઉમળકો દાંપત્યનું સૌથી મહત્વનું અંગ છે.

**એક હતો રેઇનકોટ**
**ને આપણે બે !**
**પછી એક ટીપું પછી સહેજ ઝરમર**
**પછી મન મૂકી**
**વરસી પડ્યો મેહ.**

રેઇનકોટ એક હતો અને વ્યક્તિ બે. પછી મેહ વરસી પડ્યો. પહેલા એક ટીપું, પછી સહેજ ઝરમર અને છેવટ અનરાધાર, મન મૂકીને! ને પછી?

**તું જ ઓઢને !**
**'તારે જ ઓઢવો પડશે' એવો**
**હુકમ કીધો આ જહાંપનાહે ને**
**બદતમીજીની હદ આવી ગઇ.**
**'હું નહીં, તમે જ ઓઢો' એવી**
**હઠ લીધી તે નૂરજહાંએ.**

રેઇનકોટ એક અને કાળજી બંનેને એકબીજાની. જહાંપનાહને નૂરજહાંની અને નૂરજહાંને જહાંપનાહની! વરસાદ વરસી રહ્યો છે. એ પણ ધોધમાર. ભીંજાવાથી કદાચ તબિયત પણ  ખરાબ થઈ શકે. જહાંપનાહ ઈચ્છે છે કે નૂરહજાં રેઇનકોટ પહેરી લે. પણ નૂરજહાં માનતી નથી. એટલે સુધી કે એ 'તમે જ પહેરો' એવી જિદ્દે ચડી છે. આગળ કહ્યું એમ આભમાંથી જ્યારે અમૃત વરસતું હોય કોઈ એની અસરથી સાવ અલિપ્ત કોઈ રહી શકે ખરું?  વર્ષા-ઋતુ શ્રદ્ધાની ઋતુ છે. આ શ્રદ્ધાનો એક અર્થ 'ચિત્તની પ્રસન્નતા' પણ થાય. અત્યાર સુધી મશીનની જેમ જીવાયે જતાં જીવનમાં ઉમળકાનો ફરી સંચાર થયો છે. જીવ તરબોળ થયો છે. ભીતર ફરી કશુંક ઊગી નીકળ્યું છે. અંતર ઘટી રહ્યું છે અને જીવ એકાકાર થઈ રહ્યાં છે. નીરસતાને અતિક્રમીને આનંદ પ્રગટવાની એ ઘડી છે. મનથી મન સુધી પહોંચવાના પ્રવાસનો આરંભ થઈ ચૂક્યો છે.

હું નહીં હું નહીં કરતાં આપણે
કેટલું નાહ્યાં ! કેટલું નાહ્યાં !
યાદ છે તને ?
સારું થયું ને ? કે.....
બે હતાં આપણે
ને રેઇનકોટ એક !

આવા સુખાનુભવ સંબંધમાં થનગનાટ ભરી દેતાં હોય છે. શ્રાવણની ઝરમર જેવા આ અનુભવો વિસ્મિત હૃદયે વારંવાર મમળાવવા જેવા હોય છે અને અહિ જહાંપનાહ અને નૂરજહાં મમળાવી પણ રહ્યા છે. સંબંધોનું ગણિત થોડુંક અટપટું તો છે જ. એને સમજવા માટે પ્રયત્નો કરવા પડે છે. પણ એકવાર એ સમજાય જાય તો પછી જીવનનો અઘરો દાખલો ગણવો સહેલો થઈ પડે છે. ફરીથી એ જ વ્યક્તિના પ્રેમમાં ન પડાય એવું કોઈ શાસ્ત્રોમાં લખેલું નથી!

પણ એ ખરેખર  સારું થયું ને કે તે દિવસે મન મૂકીને વરસતો મેહ હતો, વ્યક્તિ બે હતી અને રેઇનકોટ એક જ! એટલે જ તો કવિતાના નાયક અને નાયિકાને એમના પ્રેમને ફરી ઉજવવાનો મોકો મળ્યો. ક્યારેક નાની-નાની વાત અને ક્ષણોમાં પણ પ્રેમ રસ્તો કરીને પ્રગટી જાય છે. ને આવો વરસાદી માહોલ એનો સાક્ષી બની રહે, તો બીજું શું જોઈએ? ત્યારે રેઈનકોટ જેવી વસ્તુ આપણી પાસે ના હોવાનો અનુભવ અફસોસનો નહીં, પણ આનંદનો અવસર હોય છે.

# મને મારો જ પ્રશ્ન



## ધર્મેન્દ્ર જોષી

## પ્રશ્ન ૪: મારો સમય મારો કેટલો?



જીવનમાં સમયની મારામારીનો પ્રશ્ન કદી બાળપણમાં નથી થતો, પરંતુ થોડા મોટા થયા પછી આખી જિંદગી રહે છે. આપણને સમય કદી પૂરતો થતો જ નથી. ભણવામાં, અર્થોપાર્જનમાં, પરિવાર-પોષણમાં, લગભગ આખી જિંદગી નીકળી જાય ત્યાં વધતી ઉંમરે નાની મોટી બીમારી આવે અને પછી તેને જોવા, ટાળવામાં સમય જતો રહે. અને પછી કોઈ દિવસ એકલા બેઠા હોઈએ ત્યારે વિચાર આવે, આખી જિંદગીમાં, મારી આખી ઉંમરમાં મારો સમય મારો કેટલો?

સ્વાભાવિક પ્રશ્ન છે. માનવ માનવ બન્યો તે પહેલા પક્ષી કે જાનવર હતો ત્યારથી જ આ બદલાવ શરૂ થયો છે. આપણે આજે ઘણી વાર બોલીએ છીએ કે કાગડાને, વાંદરાને, કૂતરાને કેવું સારું, જ્યારે જે કરવું હોય તે કરે, જ્યાં જવું હોય ત્યાં જાય, જે ખાવું હોય તે ખાય, ઊંઘવું હોય ત્યારે ને તેટલું ઊંઘે, ના ભણવાની ચિંતા, ના પૈસા કમાવાની ચિંતા, ના ઘર સાચવવાની ચિંતા, અને ના બાળકોને ભણાવવાની ચિંતા. આ ચિંતા વધતી ગઈ અને જવાબદારી વધતી ગઈ એમ વાંદરો માણસ બન્યો અને એના જીવનનો આખો સમય અન્યો માટે જતો થઈ ગયો અને પોતાનો સમય બિલકુલ ગયો.

આ તો થઈ થોડી ગમ્મતની વાત. પણ જો આપણે ખરેખર વિચારીએ, તો માણસની સરેરાશ ૬૦-૭૦ વર્ષની આયુમાં પોતાના માટેનો સમય કેટલો? આખી પૃથ્વી પર દરેકને એક સરખા મળતા દિવસના ૨૪ કલાકમાં ફક્ત પોતાના માટેનો સમય કેટલો? સરેરાશ ૮ કલાક ઊંઘવાનું, સરેરાશ ૮ કલાક ભણવાનું અથવા કામ કરવાનું. એક સામાન્ય પ્રશ્ન તરીકે બાકીના ૮ કલાક કોના? અને આમ જુઓ તો ઊંઘવાના અને કામ કરવાના કુલ ૧૬ કલાક પણ કોના?

ચાલો આપણે એક પ્રશ્ન પોતાની જાતને જ પૂછીએ – ૨૪ કલાકમાં કેટલા કલાક ઊંઘવું એ કોણ નક્કી કરે? જીવનમાં કેટલા પૈસા કમાવા અને તેના માટે કેટલો સમય ફાળવવો એ કોણ નક્કી કરે? પોતે કોની સાથે કેટલો સમય વિતાવવો એ કોણ નક્કી કરે? પોતાના શોખ પાછળ જીવનના કયા તબક્કામાં કેટલો સમય ફાળવવો એ કોણ નક્કી કરે? જો આપણે પોતે જ આ બધુ નક્કી કરતાં હોઈએ તો આ બધા સમયને આપનો પોતાનો સમય કહેવો ના જોઈએ? બધા નિર્ણય આપણે આપણી અનુકૂળતા અને પ્રાથમિકતા પ્રમાણે જ કર્યા છે, તો તેને આપનો જ સમય કહેવાય ને?

હવે વાત આવે છે કેમ આપણને આપણાં માટે સમય ઓછો પડે છે તેની, જેના કારણે આપણને પહેલો પ્રશ્ન ઉદ્ભવે છે કે મારો સમય મારો કેટલો? આ સમજવા આપણે જાણવું પડશે કે આપણને કયો સમય ઓછો પડે છે? જીવનમાં શેનો સમય નથી મળતો કે શેના માટે સમય વધારે જોઈએ છે?

થોડુંક જ ઊંડાણપૂર્વક વિચારતા સમજાશે કે આપણને જીવવાનો સમય ઓછો પડે છે, જીવનને માણવાનો સમય ઓછો પડે છે. જીવનની જરૂરિયાતો સંતોષવાના પ્રયાસોમાં, પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈમાં, સમાજમાં સાચું ખોટું સ્થાન અને મોભો ઊભો કરવાનો દંભ કરવામાં, પોતે પણ સફળ છીએ એવો દુનિયા સમક્ષ ખોટો દેખાડો કરવામાં, પોતાનું સમગ્ર જીવન પોતાના પરિવાર કે કુટુંબ પાછળ ત્યજી દેવાનો ખોટો સંતોષ ઊભો કરવામાં, અને સમાજને સ્વીકૃત અને અપેક્ષિત વ્યવહાર કરી નામ અને માન-સન્માનની પોતાની અભિલાષા પૂર્ણ કરવામાં જ આખી જિંદગી નીકળી જાય છે, અને એ જિંદગી ભારરૂપ, અણગમતી અને કષ્ટદાયક જ લાગે છે. આપણે કરવું શું છે? ઓફિસ જઈએ તો ઘરની ચિંતા ના થાય, અને ઘરે પહોંચીએ પછી ઓફિસનું કામ યાદ ના આવે; દિવસમાં થોડો સમય પરિવાર સાથે, થોડો મિત્રો સાથે, થોડું સંગીત કે નૃત્ય કે ચિત્રકામ, થોડું પુસ્તકો કે ટીવી સાથે નવરાશ, અઠવાડિયે એકાદ વાર પરિવાર કે મિત્રો સાથે ફરવા જવું, વર્ષમાં એકાદ વાર પર્યટન કે સહેલગાહ, જીવનના



અમુક અગત્યના દિવસે મેળાવડો કે જલસો, ઘરમાં અગવડ ના રહે તેટલી સગવડ, પૈસાની તંગી ના થાય તેટલી કમાણી, અને આ બધુ જ મળે તે દરમ્યાન એકદમ ફિટ સ્વાસ્થ્ય. કોઈ પણ સામાન્ય વ્યક્તિની આવી ઈચ્છાઓ હોય એ સ્વાભાવિક છે અને આ બધી ઈચ્છો ફળીભૂત થાય તો આપણે સુખી અને ખુશ જીવન જીવીએ છીએ એમ સંતોષથી સ્વીકારીએ છીએ. આટલું મળ્યા કે થાય પછી સામાન્યતઃ આપણને કોઈ અફસોસ કે રંજ રહેતો નથી.

મારા મતે કોઈ પણ સામાન્ય વ્યક્તિ માટે જીવનમાં ઉત્સાહ સાથે જીવવાથી આટલું મેળવવું બહુ જ સહેલું અને સહજ છે. ઈશ્વરે દરેક જીવ માટે અસ્તિત્વની જરૂરિયાતની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં પહેલેથી જ કરેલી છે. પરંતુ જ્યારે જરૂરિયાત ખોટા પ્રમાણમાં વધે છે અને લાલચ બની જાય છે ત્યારે જ બધી સમસ્યા શરૂ થાય છે. એ લાલચને સંતોષવામાં જે વધારાનું કામ કરવું પડે છે, વધારાના પ્રયત્નો કરવા પડે છે તે બાકીનું કશું જ કરવાનો સમય બાકી રહેવા નથી દેતા. પછી ના તો પરિવાર સાથે આનંદ કરવાનો સમય મળે છે, ના મિત્રો સાથે ગોષ્ઠીનો, ના શોખ માણવાનો અને ના પોતાના સ્વાસ્થ્ય કે આરામ પર ધ્યાન આપવાનો સમય હોય છે. એટલે જ એક તબક્કે એવું લાગે છે કે જીવન મારું છે, છતાંય સમય તો બીજાનો જ છે, મારા માટે તો નથી જ. પરિવાર માટે કરું છું,ઓફિસ માટે કે તેના શેઠ માટે કરું છું,



કુટુંબ માટે કરું છું, સમાજ માટે કરું છું, પણ મારા માટે તો કશું જ નથી કરી શકતો. ઘણાને એમ પણ થાય કે નોકરીમાં તો આપણે મજૂરી કરીએ અને શેઠ કમાય. તો હું મારા માટે જ કેમ ના કામ કરું? એમ વિચારીને પોતાનો ધંધો શરૂ કરે. પણ પછી ધંધામાં કમાણીની અનિશ્ચિતતાના કારણે ખૂબ માનસિક દબાણ આવે, ઊલટું વધારે મહેનત કરવી પડે, પૈસાની જવાબદારી લેવી પડે, ત્યારે છેવટે એમ થાય કે આના કરતાં તો નોકરી સારી. પરંતુ સંતોષ ના નોકરીની કમાણીથી થાય ના ધંધાની કમાણીથી. નોકરીમાં બીજા બધા કરતાં આગળ રહેવું હોય અને ધંધો કરે તો અંબાણીથી પણ મોટા થવું હોય. અંબાણી થવું કે તેનાથી મોટા થવાનું

સ્વપ્ન સેવવું તેમાં કશું જ ખોટું નથી, પણ અંબાણી થવાની પહેલાની મહેનત અને ત્યાગ જાણવા પડે અને ત્યારે એ પ્રશ્ન ના થવો જોઈએ કે મારો સમય મારો કેટલો. કેમકે પોતાનું સ્વપ્ન પૂરું કરવાની બધી મજૂરી પાછળ વિતાવેલો તમામ સમય પોતાનો જ કહેવાય.

જરૂર છે આપણી જરૂરિયાતને સમજીને તેની સીમા બાંધવાની. 'Need' અને 'Greed' વચ્ચેનો તફાવત સમજવાની જરૂર છે. 'Greed' પૂરી કરવામાં જે સમય જાય છે તે પોતાના સમયમાંથી ઓછો થાય છે, તે સમજવાની જરૂર છે. સાથે સાથે એ પણ વિચારવાની જરૂર છે કે આપણાં જીવનના કોઈ પણ તબક્કે આપણી પ્રાથમિકતા શું છે. આપણી પ્રાથમિકતા પાછળ વ્યય થતો સમય આપણો પોતાનો જ છે તે સ્વીકારવું રહ્યું. અને તેમ છતાં જો આપણને એમ લાગે કે આપણને પોતાના માટે સમય નથી, તો આપણે આપણી પ્રાથમિકતા બદલવાની જરૂર છે.





વિરલ જોશી

# ભારતના રાષ્ટ્રીય પ્રતીકો



ભારતના રાષ્ટ્રીય પ્રતીકો દેશના ઓળખ તત્વો અને વિશિષ્ટ લાક્ષણિકતાઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રતીકોની પસંદગી ખૂબ કાળજીપૂર્વક કરવામાં આવી છે અને એમાં ભારતની સંસ્કૃતિ અને પ્રકૃતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જ્યારે રાષ્ટ્રીય પ્રતિકોની વાત નીકળે ત્યારે આપણે મુખ્યત્વે રાષ્ટ્રીય ગીત, રાષ્ટ્રીય ગાન, રાષ્ટ્રીય પ્રાણી, રાષ્ટ્રીય પક્ષી અને રાષ્ટ્રીય ફળથી વધારે આગળ આપણને ખબર નથી હોતી.. તો ચાલો આજે જાણીએ આપણા રાષ્ટ્રીય પ્રતીકોને.

**1) રાષ્ટ્રધ્વજ**

ત્રણ રંગોથી બનેલો 'ત્રિરંગો' આપણો રાષ્ટ્રધ્વજ છે. તેમાં રહેલા કેસરી, સફેદ અને લીલો રંગ અનુક્રમે બલિદાન અને દેશભક્તિ, સત્ય અને શાંતિ તથા સમૃદ્ધિનું સૂચન કરે છે. ૨૪ આરાઓથી બનેલું અશોક ચક્ર સતત પ્રગતિનું સૂચક છે.

**2) રાષ્ટ્રગીત**

કવિવર રવીન્દ્રનાથ ટાગોર દ્વારા રચિત 'જન ગણ મન' આપનું રાષ્ટ્રગીત છે. બંગાળી ભાષામાં લખાયેલું આ ગીત બાવન સેકન્ડમાં પૂર્ણ થાય છે. ગીત સૌ પ્રથમ જાન્યુઆરી, ૧૯૧૨માં રવીન્દ્રનાથ દ્વારા સંપાદિત તત્વબોધિની પત્રિકામાં 'ભારત વિધાતા' શીર્ષક હેઠળ પ્રકાશિત થયું હતું. તે પ્રથમ વખત ૨૭મી ડિસેમ્બર, ૧૯૧૧ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા સત્રમાં ગવાયું હતું. આ ગીતને બંધારણ સભા દ્વારા ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ રાષ્ટ્રગીત તરીકે અપનાવવામાં આવ્યું હતું.

**3) રાષ્ટ્રીય ગીત**

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત 'વંદે માતરમ' ગીતને બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવ્યું હતું. તે સૌ પ્રથમ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૮૯૬ના સત્રમાં ગવાયું હતું. આ ગીત ૧૮૮૨માં બંકીમચંદ્રજીની નવલકથા 'આનંદમઠ'માં પ્રકાશિત થયું હતું.

**4) ભારતીય રૂપિયો**

‘ભારતીય રૂપિયો’ ભારતીય પ્રજાસત્તાકનું સત્તાવાર ચલણ છે અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિયંત્રિત છે. નવા પ્રતીકને સત્તાવાર રીતે ૨૦૧૦માં અપનાવવામાં આવ્યું હતું અને ૮ જુલાઈ, ૨૦૧૧થી આ પ્રતિકનો વપરાશ શરૂ થયો હતો.

**5) રાષ્ટ્રીય પ્રતીક**

મુંડક ઉપનિષદમાં લખેલ ‘સત્યમેવ જયતે’ શબ્દો ધરાવતું ભારતનું રાષ્ટ્રીય પ્રતીક સમ્રાટ અશોકની રાજધાની સારનાથમાં આવેલા સ્તંભ પરથી લેવામાં આવ્યું છે. તેમાં રહેલા ચાર સિંહો શક્તિ, હિંમત અને આત્મવિશ્વાસનું પ્રતીક છે. બળદ અડગતા અને મહેનત તથા ઘોડો વફાદારી અને ગતિ દર્શાવે છે. તેમાં આવેલાં ચક્રનો સમાવેશ ભારતીય રાષ્ટ્રધ્વજમાં પણ કરવામાં આવ્યો છે. આ સિંહ રાજધાની સ્તંભ સમ્રાટ અશોક દ્વારા મહાત્મા બુદ્ધના સંદર્ભમાં ઇ.સ. પૂર્વે ૨૪૨- ૨૩૨ દરમિયાન ડિઝાઇન કરવામાં આવ્યો હતો, જેને ભારત સરકાર દ્વારા ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ રાષ્ટ્રીય પ્રતીક તરીકે અપનાવવામાં આવ્યો હતો.

**6) રાષ્ટ્રીય કેલેન્ડર**

વિક્રમ સંવતની સાથે ‘સાકા કેલેન્ડર/ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર’ ભારતમાં વાપરવા માટેનું સત્તાવાર કેલેન્ડર છે, જેનો પ્રારંભ ચૈત્ર મહિનાથી થાય છે. સાકા કેલેન્ડર ઉષ્ણકટિબંધીય રાશિના ચિહ્નોનું પાલન કરે છે.






**7) રાષ્ટ્રીય નદી**

હિંદુઓની સૌથી પવિત્ર નદી ‘ગંગા’ ભારતની રાષ્ટ્રીય નદી છે. હિન્દુ ધર્મ પ્રમાણે એનું ઉદ્ભવસ્થાન ભગવાન શંકરની જટામાં છે.

**8) રાષ્ટ્રીય ફૂલ**

‘ભારતીય કમળ’ જળચર છોડની સૌથી સુંદર પ્રજાતિ છે. આ જળચર છોડ પ્રાચીન ભારતની કળા અને પૌરાણિક કથાઓમાં અનોખું સ્થાન ધરાવે છે. તે દેવી લક્ષ્મીના ફૂલ તરીકે ઓળખાય છે અને તે સંપત્તિ, સમૃદ્ધિ અને ફળદ્રુપતાનું પ્રતીક છે.

**9) રાષ્ટ્રીય ફળ**

૧૦૦ કરતા વધારે વિવિધ પ્રજાતિઓ ધરાવતી ‘કેરી’ ભારતનું રાષ્ટ્રીય ફળ છે. મુઘલ રાજા અકબારે તેના ‘લાખી બાગ’ નામનાં બગીચામાં ૧ લાખ કેરીના ઝાડ ઉછેર્યાં હતાં.

**10) રાષ્ટ્રીય વૃક્ષ**

વિશ્વનાં સૌથી મોટા વૃક્ષોમાંનું એક એવું ‘વડ’નું વૃક્ષ એ ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ છે. તેની વડવાઈઓને લીધે સતત વિસ્તરતા રહેતા આ વૃક્ષને અમરતાનું પ્રતીક માનવામાં આવે છે. તે ભારતના દંતકથાઓ અને દંતકથાઓનો અભિન્ન ભાગ છે.

**11) રાષ્ટ્રીય પ્રાણી**

‘રોયલ બેન્ગાલ ટાઇગર’ એ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે અને વિશ્વની સૌથી મોટી બિલાડીઓમાં શામેલ છે. વાઘ  શક્તિ તથા ચપળતાનું પ્રતિક છે. ૧૯૭૩ સુધી સિંહ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી હતો, ત્યાર બાદ આ સ્થાન રોયલ બેન્ગાલ ટાઇગરને આપવામાં આવ્યું.

**12) રાષ્ટ્રીય પક્ષી**

‘મોર’ એ ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે, જે વરસાદ પહેલાં લાંબા પીંછાઓ અને એના ખાસ નૃત્ય માટે જાણીતો છે. ૧૯૬૪ માં મોરને રાષ્ટ્રીય પક્ષી તરીકે જાહેર કરવામાં આવ્યો. મોર સુંદરતાનું પ્રતીક છે.



**13) રાષ્ટ્રીય જળચર પ્રાણી**

ભારત સરકાર દ્વારા ‘ગંગા રિવર ડોલ્ફિન’ને ભારતનું રાષ્ટ્રીય જળચર પ્રાણી જાહેર કરવામાં આવી છે. દક્ષિણ એશિયાની રિવર ડોલ્ફિન મુખ્યત્વે ગંગા, યમુના, ચંબલ નદી અને બ્રહ્મપુત્રા નદીમાં જોવા મળે છે. આ ડોલ્ફિન લુપ્તપ્રાય પ્રાણી છે અને તેથી તેને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ ની સૂચિ ૧ માં મુકવામાં આવી છે.

**14) રાષ્ટ્રીય સરિસૃપ**

‘કિંગ કોબ્રા’ની પસંદગી ભારતના રાષ્ટ્રીય સરિસૃપ તરીકે કરવામાં આવી છે. આ પ્રજાતિ ભારત અને દક્ષિણપૂર્વ એશિયામાં સ્થાનિક છે. તે તેની પોતાની જીનસનો એકમાત્ર સભ્ય છે અને ૧૮.૮ ફૂટની મહત્તમ લંબાઈ ધરાવતો વિશ્વનો સૌથી ઝેરી સાપ છે.

**15) રાષ્ટ્રીય વારસ પ્રાણી**

એશિયાનાં વતની એવા ‘ભારતીય હાથી’ને રાષ્ટ્રીય વારસ પ્રાણીની પદવી આપવામાં આવી છે. જે ભારતમાં મુખ્યત્વે કર્ણાટક, કેરળ અને તમિલનાડુ રાજ્યમાં જોવા મળે છે.



# ‘વન્યરાગ’: સાહિત્યનું વનફુલ

ભરતસિંહ ભારડ

વાર્તાકાર પ્રભુદાસ પટેલના અધ્યાપન કૌશલ્યથી તો અનુસ્નાતકમાં ઇડર કૉલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારથી જ આકર્ષાયો હતો, અને એમાંય તેમની કલમે ‘વન્યરાગ’ લખાયાનું અને ‘વન્યરાગ’ વાર્તાસંગ્રહને ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ દ્વારા ‘ધનરાજ કોઠારી એવોર્ડ’ તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૪નો શ્રેષ્ઠ વાર્તાપુસ્તક પુરસ્કાર મળ્યાનું જાણી ‘વન્યરાગ’ની વાર્તાઓ વાંચવાની મારી જીજ્ઞાસા વધુ તીવ્ર બની. સર્જકનો ટૂંક-પરિચય આપું તો અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલ પ્રાકૃતિક સૌદર્યોક્ત વિજયનગર (રાજપુર) એમની જન્મભૂમિ છે. વડાલી કૉલેજમાં ગુજરાતી વિભાગમાં અધ્યાપનકાર્ય  કરી રહેલ પ્રભુદાસ પટેલને નર્મદ સાહિત્ય સભા દ્વારા ‘નંદશંકર નવલિકા એવોર્ડ’ તથા ‘સુરેશ જોષી વિવેચન એવોર્ડ’થી નવાજવામાં આવેલ છે.

વાર્તાસંગ્રહમાં મને સૌથી વધું કંઇ આકર્ષાયું હોય તો તે છે વિજયનગરનું આદિવાસી લોકજીવન. સામાજિક રીત- રીવાજ અને લોકજીવનના ગમા-અણગમા તથા આદર્શો વગેરે તમામ પ્રસંગો આ વાર્તાસંગ્રહની વાર્તાઓમાં તળપદી શૈલી અને આદિવાસી લોકબોલીમાં વાર્તાકાર સાંગોપાંગ રજુ કરી શક્યા છે. સંગ્રહમાં કુલ પંદર વાર્તાઓ છે. જેના મૂળમાં આદિવાસી સમાજના સ્ત્રી-પુરૂષ સંબંધની જુદી-જુદી ભૂમિકાઓને રજુ કરવામાં આવી છે.



‘ઉજાસ’, ‘ખાખીજીવડાં’, ‘તું આનેય લાયક ખરો?’, ‘દીકરી’, ‘રોમ-લખમણ’ ‘વેર’, ‘થીંગડું’, ‘તાપ, તરહ અને હું’, ‘અંધારાં’, ‘ફારગતી’ જેવી વાર્તાઓ વાચકને લાગણીના વહેણમાં ખેંચી જાય છે.

‘દીકરી’ વાર્તામાં વાલીયાનું પાત્ર વાચકને રડાવી જાય તેવી ભાવવાહી શૈલીમાં આલેખાયું છે. લગ્ન પહેલાં પોતાની દીકરી બીજા સાથે ભાગી જતાં પિતા વાલજી મુસીબતના પહાડ નીચે આવી જાય છે.

વાર્તાકારના શબ્દોમાં કહું તો, “...વાલીયાએ તેની સુકીભઠ્ઠ જીભને પરાણે હોઠે ફેરવી અને બબડી પડ્યો : મોઇ મારી તો મતી જ બેર મારી ગઇ સે. ઇ કાળમુખીએ લગન પહેલાં જ કાળું મૂઢું કર્યું ઓત તો આ દાડો...” જેવા સંવાદોમાં વાલીયાની લાચારીની સાથોસાથ ક્રોધાવેશાગ્નિ જોઇ શકાય છે. બીજા દિવસે જાન આવશે અને લાડી લીધા વિના નહિં જવાની નેમ લઇ ‘કાં તો લાડી કાં તો ધિંગાણું’ પર આવશે તો શું થશે? જેવા વિચારો વાલીયાને હચમચાવી મૂકે છે. અંતમાં વાલીયાની સમસ્યાનો ઉકેલ પણ મળે છે. વાર્તાના એકએક સંવાદ થકી વાલીયાનું પાત્ર વાચકની આંખો સામે ખડું થાય છે. વાલીયાનો પ્રશ્ન માત્ર વાલીયાનો જ નહીં, પણ આજની સમાજવ્યવસ્થા અને દરેક પિતાને સ્પર્શતો પ્રશ્ન છે. જે વાર્તાકાર ઉત્તમ રીતે આલેખી શક્યા છે.

વાર્તાસંગ્રહની તમામ વાર્તાઓ ઉત્તમોત્તમ છે; પરંતું એમાંથી પણ જો કોઇ એક પસંદ કરવાની થાય તો મારી સૌથી પ્રિય વાર્તા ‘રૉમ-લખમણ’ છે. ભાઇ-ભાઇ વચ્ચેના પ્રેમનું પ્રતિક પ્રસ્તુત વાર્તા બને છે. રવજી પિતાજીના ઉપદેશને યાદ કરી, એનું પાલન કરવા એના નાના ભાઈ લખુ અને તેની પત્ની માટે સર્વસ્વ ત્યાગી ખેતરની ઓરડીમાં રહેવા ચાલ્યો જાય છે. ઓરડી તરફ ડગ માંડી રહેલા રવજી વિશે વાર્તાકાર કલાત્મક શૈલીમાં નોંધે છે કે – “કૂવાની ઓરડી તરફ મૂકાતું એક એક ડગલું જાણે નર્યા ઉજાસની ઝાંખી કરાવતું હતું.” રવજીનો ભ્રાતૃપ્રેમ, ખાનદાની, સમજણ તથા ત્યાગની ભાવના-ઉદારમતવાદી વલણ આ વાર્તામાં કેન્દ્રસ્થાને છે. રવજી આત્મહત્યા કરવાનું માંડીને ઘરની મિલકત લખુ અને લીલાને સોંપી ખેતરની ઓરડીમાં રહેવા ચાલ્યો જાય છે.



‘દીકરી’ વાર્તાના વાલીયાના પાત્ર વિશે કહેવું હોય તો એટલું કહી શકાય કે, “વ્યક્તિના જીવનમાં ચઢાવ-ઉતાર આવતા જ હોય છે. આજે સુખ તો કાલે દુ:ખ, અને આજે દુ:ખ તો કાલે સુખ જરૂર આવશે જ. પરિવર્તન એ સંસારનો નિયમ છે. પરંતું, મહત્વની બાબત એ છે કે વ્યક્તિ સુખમાં છકી ન જાય અને દુ:ખમાં ડગી ન જાય.” સમાજજીવનમાં દ્રષ્ટિ નાખીએ તો વ્યક્તિને દુ:ખ આવે એટલે એ સૌથી અઘરો રસ્તો પહેલાં પસંદ કરે છે, જેનું નામ છે ‘આત્મહત્યા’.

સમાચારપત્રોમાં રોજબરોજ આવી કેટલીય દુ:ખદ ઘટનાઓ આવે છે, પરંતુ દાદાભગવાન(ત્રિમંદિર-અડાલજ)ના
શબ્દોમાં કહીએ તો, "બન્યું તે જ ન્યાય". આ બાબતને કોઇ સ્વીકારતું નથી. ગીતામાં શ્રીકૃષ્ણભગવાને પણ કહ્યું જ છે કે - "જે થયું તે સારૂં થયું, જે થશે તે પણ સારૂં જ થશે" – મૃત્યુ એ કોઇ પણ સમસ્યાનો ઉકેલ નથી. આ બાબતને વાલીયાનું પાત્ર ખરા અર્થમાં ચરિતાર્થ કરે છે.

'ઉજાસ' વાર્તામાં ધનિયાના પાત્ર દ્વારા સમાજજીવનને વર્તીને ચાલનાર વ્યક્તિના અન્યોન્ય દ્વારા શંકાની કાંકરી નાખતાં માનવ મનમાં શંકાના કેવાં વમળ પેદાં થાય છે, એ જોવા મળે છે. ધનિયો પોતાની પત્નીને આદરથી જુએ છે તો બીજીબાજું ગૌરીના શબ્દો યાદ આવે છે કે : "વીરા, ઘરની હાંલ્લીમાં પારકું આથ મારે એ કેવું કે'વાય? ધનીયાની પાત્રગત મન:સ્થિતિ વાર્તાકારે ઉત્તમ રીતે રજુ કરી છે.

'થીંગડું' વાર્તામાં સ્ત્રીની સહનશીલતા જોવા મળે છે, પણ પાણી જ્યારે માથા ઉપર જાય ત્યારે સ્ત્રી પણ 'ફુલ બને અંગારે' ફિલ્મની રેખાની જેમ હથિયાર ઉઠાવી શકે કે અણધાર્યા પરિણામ લાવી શકે છે, એ પણ દર્શાવાયું છે. વાર્તાની નાયિકા ગૌરી રામજી સાથે લગ્ન કરે છે. તેના દામ્પત્ય-જીવનમાં મીના નામની દીકરી થાય છે, પરંતુ ગૌરી ચંદુ સાથે પ્રેમ સબંધે અંજાઇને રામજીને છોડીને ચંદુ સાથે ભાગીને લગ્ન કરી લે છે, પરંતુ ચંદુને ઘેર તેના મનના મનોરથ વિખેરાતા દેખાય છે. મીના પોતાની દીકરી હોવા છતાં ચંદુડો જ્યારે મીના સામે કુભાવથી નજર નાંખે છે ત્યારે ગૌરીના જીવનમાં ભૂકંપ આવી જાય છે. ગૌરી પોતે તો સઘળું સહન કરી લે છે પરંતુ દીકરી તરફની કુદ્રષ્ટિ ગૌરીને સહન થતી નથી. વાર્તાનો અંત કરૂણ છે. આ વાર્તાનો એક સંવાદ ખૂબ જ ધ્યાનર્હ છે, જેમાં ગૌરીનું આત્મસન્માન હણાતું જોઇ શકાય છે : "...હા..હા..રાંડ, તુ ગોલી.. તુ છનાળ... એવી ના ઓત તો ભર્યુ મેલીને આંય શું ધાબ્બા આઇ સો?" શીર્ષક વિશે કહેવું હોય તો ગૌરીના શબ્દોમાં કહેવાય કે - "ભર્યા ભર્યા જીવતર માં 'થીંગડું' મારવાનું ના સૂઝ્યું ઓત તો?"

વાર્તાકારે ઉત્તર ગુજરાતના આદિવાસી સમાજને ભાવવાહી શૈલીમાં આલેખી છે. વાર્તામાં આવતી તળપદી લોકબોલી થકી સંવાદો ચોટદાર બન્યા છે. પ્રકૃતિની સાથોસાથ લોકભાષા-લોકબોલીનું ઉત્તમ વર્ણન થયેલું જોઇ શકાય છે. પર્વતીય વિસ્તારમાં વનવાસીજનોનો વસવાટ વાર્તાકાર પ્રભુદાસ પટેલે વિવેકપૂર્વકની બોલચાલની ભાષા થકી ઉજાગર કર્યો છે. પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત લેખક શ્રી પ્રભુદાસ પટેલ દ્વારા લિખિત આ પુસ્તક 'વન્યરાગ' વાંચજો જરૂર.

# ખુલ્લા દ્વાર

## છત્રીઓનું વિતરણ

કોમલ ચોવટીયા





ઝરમર વરસાદ વરસી રહ્યો હતો.

“મમ્મા, ચાલને આપણે છત્રીઓનું વિતરણ આજે જ કરી આવીએ.” જીલ બોલી રહ્યો હતો.

“ના બેટા, તારો બર્થડે કાલે છે. એટલે આપણે કાલે જઈશું.” જુલીએ કહ્યું.

બીજે દિવસે સવારે ધોધમાર વરસાદ હોવાથી તેઓ સાંજે ઝુંપડપટ્ટી વિસ્તારમાં ગયા. ત્યાં એક છોકરો ધ્રુજી રહ્યો હતો. એનું શરીર સખત તપતું હતું. એની બાજુમાં ભીના થઈ ગયેલાં ચોપડા સુકવેલા હતાં.

જીલે એક સ્મિત સાથે એને છત્રી આપી, ત્યારે એ છોકરાએ આભાર માનીને ધીમેકથી કહ્યું, “કાશ! આ છત્રી મને કાલે મળી હોત..”

# ખુલ્લા દ્વાર

## વાત વિસરાયેલી ટપાલની

## મોહન પાવરા



આજથી ૨૦-૨૨ વર્ષ પહેલા આપણે ત્યાં ગામડામાં ટેલિફોનની પણ સુવિદ્યા નહોતી ને મોબાઈલ અને ઈન્ટરનેટતો ખાલી કલ્પનામાં હતા. એ સમયે ટપાલથી એકબીજાના ખબરઅંતર પૂછાતા અને વળતો જવાબ આવે તેની રાહ જોવાતી. મને યાદ છે કે જયારે ભાવનગર(ભંડારીયા)થી મારા મામાનો સુંદર મરોડદાર અક્ષરવાળો પત્ર આવતો, એને હું સાચવીને રાખતો. એ સમયે ગામડામાં લગભગ દરેક ઘરમાં આવેલ ટપાલને લોખંડના એક સળીયામાં ભરાવી સાચવી રખાતી. અમુક વાતો ટપાલમાં સમાય તેમ ન હોય તો એને અંતરદેશી કે નોટબુકના ત્રણ ચાર પેજમાં લખી પત્ર રૂપે પરબીડિયામાં નાખી મોકલવામાં આવતી ને તેમાં આખા ઘર અને અડોશીપડોશી બધાના ખબર અંતર પૂછવામાં આવતા ને આવેલ કાગળ અલગ અલગ જગ્યાએ લગભગ ચારથી પાંચ વખત વંચાતો ને ત્યારબાદ તે પેલા સળીયામાં એનું સ્થાન લેતો. વાર-તહેવાર ને દિવાળીના સમયે ઘરમાં લટકાવેલ સળીયામાં ખાલી રહેલ જગ્યા ભરાઈ જતી અને જેમ મોબાઈલમાં આપણે ‘ક્લીયર ઓલ મેસેજ હિસ્ટ્રી’ કરી બધા મેસેજ દૂર કરીએ છીએ, તેમ બધી ટપાલો અને કાગળોનો નિકાલ કરવામાં આવતો.

બાળપણમાં અમે ટપાલીને જોઈ વ્યાજે આપેલ પૈસાની વ્યાજ સાથે ઉઘરાણી કરતા શેઠની માફક “અમારી ટપાલ આવી છે કે નહીં?" તેમ પૂછી વારંવાર ઉઘરાણી કરતા. ત્યારબાદ ધીમે ધીમે ટેલિફોન ને મોબાઈલ આવતા ટપાલી પાસેની અમારી ઉઘરાણી બંધ થઈ ને હાલતો માત્ર વીમા, બેંક અને સરકારી કાગળો જ પોસ્ટ મારફત આવે છે, જેના લીધે પેલા લખેલ ટપાલના વળતા જવાબની રાહ જોવાનું બંધ થયું ને વ્હોટસએપમાં રીપ્લાય ટાઈમસર ના આપ્યાના ઝગડા શરૂ થયા. પણ મોબાઈલ આવતા પત્રલેખનની કળા, તેમા વપરાતા સંબોધનો, વચ્ચે રજૂ થતી શાયરીઓ ને

પંક્તિઓ અને આભાર-દર્શનની કળા જાણે ગાયબ થઈને માત્ર સરકારી પત્રવ્યવહારમાં જ પ્રગટ થતી જણાય છે.

એ સમયે જયારે કોઈ ટપાલમાં ટિકિટ લગાવવાનું ભુલી જતા, ત્યારે સામેવાળા પાસે ટિકિટની ૫૦ પૈસા રકમ વસૂલ કર્યા બાદ જ ટપાલી ટપાલ આપતા ને ત્યારે એવું થતું કે, "સામેવાળાએ મને ટપાલ ન લખી હોત તો સારું હતું.." ને મોં બગાડી ટિકિટના પૈસા ચૂકવી ટપાલ છોડાવતા. હવે તો સસ્તામાં મોબઈલથી આંગળીના ટેરવે છૂટતા મેસેજોમાંથી પણ ૭૦ ટકા મેસેજ વંચાતા નથી કે તેની તરફ ધ્યાન આપવામાં આવતું નથી, છતાં સામે વાળા લોકો મેસેજ મોકલ્યા જ કરે છે. જેમ પહેલાના સમયમાં વળતો જવાબ ના આવતો અને વળતી ટપાલ દ્વારા જવાબ પાઠવવા ભલામણ કરતા તેવી ભલામણને હવે અવકાશ જણાતો નથી. હાલના સમયે સોશિયલ મીડિયા દ્વારા પળેપળની ખબર મળે છે, પણ પહેલાના સમયે ટપાલમાં લખતા પહેલા વિચારતા ને પછી લખતા. એને બદલે હાલ જાતે  વિચારીને લખવાને બદલે અન્યત્રથી મળેલ મેસેજ આડેધડ ફોરવર્ડ કરાય છે, તેથી ટપાલ જેટલી વળતા જવાબની આતુરતા રહી નથી એ વાત પણ તો સ્વાભાવિક સ્વીકારની જ છે ને!



# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં વર્ડ ફોર્મેટમાં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

(૪) કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે: pankhemagazine@gmail.com

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો જાણ કરવામાં આવશે.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

**આપને આ અંક કેવો લાગ્યો, એના વિશે થોડો સમય કાઢીને આ લિંક પર ક્લિક કરીને જણાવો. કેમ કે, આપના સૂચનો અમારા માટે અગત્યના છે.**

**https://forms.gle/sU3tyNYiPFeR2u5C7**

# 'પંખ'ની ઉડાનમાં સહભાગી પાંખો

## યાજ્ઞિક વઘાસિયા

## કેયુર દુધાત

## મનોરી શાહ

## અનંત ગોહિલ

## વિરલ જોશી

## હોઝેફા અગવાન

---

“દુનિયામાં એક જગ્યા એવી હોવી જોઈએ, કે જ્યાં મૂર્ખાઈથી હસી શકાય. કોઈ વિચાર કર્યા વિના ચૂપચાપ બેસી શકાય અને કોઈ કોઈ પૂછે નહિ કે, 'શું કરે છે?”

- ચંદ્રકાંત બક્ષી

# આ અંકમાં સહભાગી પાંખો

રાજુલ ભાનુશાલી
પાર્મી દેસાઈ
ધર્મેન્દ્ર જોષી
તેજલ શાહ
વિપુલ હડિયા
ડૉ. રંજન જોષી
હીરલ વ્યાસ
શીતલ ગઢવી

ડૉ. કાર્તિક શાહ
મકરંદ મુસળે
ભરતસિંહ ભારડ
કોમલ ચોવટીયા
મોહન પાવરા
ધ્રુવિલ ચોડવડીયા
પ્રશાંત શુક્લ
કિરીટ ગોસ્વામી

---

# ફોટોગ્રાફી

રાજન સરવૈયા(ફ્રન્ટ અને બેક કવર)

https://instagram.com/rajan_sarvaiya?igshid=8cksemss3mzi

# અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

https://wa.me/916355953355?text=%E0%AA%A8%E0%AA%AE%E0%AA%B8%E0%AB%8D%E0%AA%A4%E0%AB%87

https://twitter.com/pankh_emagazine

https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZlCl-YPlVDg

https://www.instagram.com/pankhemagazine/

